RNI NO GUJ/GUJ/2006/24237
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com


LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૭૯ પોષ-વદ ૧૪ | શનિવાર, તા.૨૧-૦૧-૨૦૨૩ | અંક : ૧૯૬ વર્ષ : ૧૭ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# સમગ્ર દેશમાં વન નેશન વન રાશન કાર્ડ લાગુ

## રેશનકાર્ડ ધારકો નવો નિયમ લાગુ : મોદી સરકારનો માસ્ટર સ્ટ્રોક




(એ.આર.એલ),નવીદિલ્હી,

મોદી સરકારે રેશનકાર્ડ ધારકો માટે એક મહત્વની યોજના શરૂ કરી છે, જેનાથી ગરીબોને આર્થિક રીતે ફાયદો થશે. સરકાર દ્વારા વન નેશન વન રેશન કાર્ડ યોજના લાગુ કરવામાં આવી છે. હવે તમે દેશમાં ગમે ત્યાંથી રાશનની વસ્તુઓ મેળવી શકો છો. આ માટે હવે લાભાર્થીને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. સરકારના આ નિર્ણયને અભૂતપૂર્વ માનવામાં આવી રહ્યો છે. સરકાર લાંબા સમયથી આ યોજના પર કામ કરી રહી હતી, જેને લાગુ કરવામાં આવી છે.

સરકારે ઓનલાઈન ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ ડિવાઈસને ફરજિયાત બનાવવાનો નિર્ણય લીધો છે. મોદી સરકારના આ નિર્ણયને માસ્ટર સ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે. મોદી સરકારે મફત રાશન યોજનાને એક વર્ષ માટે લંબાવી છે. તેવી જ રીતે સમગ્ર દેશમાં 'વન નેશન વન રેશન કાર્ડ' લાગુ કરવામાં આવ્યું છે. આ પછી તમામ રાશનની દુકાનો પર ઓનલાઈન ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ ડિવાઈસ ફરજિયાત કરી દેવામાં આવ્યા છે. સરકારના આ નિર્ણયની અસર દેખાઈ રહી છે.

કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ લાભાર્થીઓને રાશનનો યોગ્ય જથ્થો મળવો જરૂરી છે. આ માટે કેન્દ્ર સરકારે રાશનની દુકાનો પર ઈલેક્ટ્રોનિક સ્કેલ સાથે ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ ડિવાઈસને લિંક કરવા માટે ખાદ્ય સુરક્ષા કાયદામાં સુધારો કર્યો છે.

આ નિયમ લાગુ થયા બાદ કોઈપણ રીતે માપણીમાં ગેરરીતિ થવાની શક્યતા ઘટી ગઈ છે. જાહેર વિતરણ વ્યવસ્થાના લાભાર્થીઓને કોઈપણ સંજોગોમાં ઓછું રાશન ન મળે તેની ખાતરી કરવા માટે, રાશન ડીલરોને હાઈબ્રિડ મોડેલ પોઈન્ટ ઓફ સેલ મશીનો આપવામાં આવ્યા છે. આ મશીનો ઓફલાઈન તેમજ ઓનલાઈન મોડ પર કામ કરશે. લાભાર્થી તેના ડિજિટલ રેશન કાર્ડનો ઉપયોગ કરીને દેશની કોઈપણ વાજબી કિંમતની દુકાનમાંથી રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ અનાજ લઈ શકશે.

## દુશ્મનોનો કાળ બનશે INS વાગીર

### ૨૩ જાન્યુઆરીએ સેનામાં થશે સામેલ, વાગીર પાંચમી ડીઝલ ઇલેક્ટ્રિક સ્કોર્પિન સબમરીન છે



(એ.આર.એલ),નવીદિલ્હી,

ભારતીય નૌકાદળની શક્તિમાં વધુ વધારો થવા જઈ રહ્યો છે. ભારતીય નૌકાદળ ૨૩ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ પાંચમી કલવારી વર્ગની સબમરીનૈંદ્રજી વાગીર શરૂ કરશે. આ પાંચમી ડીઝલ ઈલેક્ટ્રિક સ્કોર્પિન સબમરીન છે. આ વર્ષના અંત સુધીમાં નેવીને આવી છઠ્ઠી અને છેલ્લી સબમરીન મળી જશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સબમરીન ભારતમાં મઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ મુંબઈ દ્વારા મેસર્સ નેવલ ગ્રૂપ, ફ્રાન્સના સહયોગથી બનાવવામાં આવી રહી છે. મેસર્સ સ્ઢન્એ ૨૦ ડિસેમ્બર ૨૨ના રોજ ભારતીય નૌકાદળને સબમરીન સોંપી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે છેલ્લી વાગીર સબમરીને ભારતીય નૌકાદળમાં લગભગ ત્રણ દાયકા સુધી સેવા આપી હતી, ત્યારબાદ તેને ૦૭ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સેવામુક્ત કરવામાં આવી હતી. જૂની વાગીરને ૦૧ નવેમ્બર ૧૯૭૩ના રોજ 'કમીશન' કરવામાં આવ્યું હતું અને તેણે નિવારક પેટ્રોલિંગ સહિત સંખ્યાબંધ ઓપરેશનલ મિશન હાથ ધર્યા હતા.

નવી 'વાગીર' સબમરીન, ૧૨ નવેમ્બર ૨૦ના રોજ લોન્ચ કરવામાં આવી છે, જે અત્યાર સુધીની તમામ સ્વદેશી રીતે નિર્મિત સબમરીનમાં સૌથી ઓછા સમયમાં તૈયાર કરી હોવાનું ગૌરવ ધરાવે છે. દરિયાઈ પરીક્ષણો શરૂઆત કરતા તેણે પોતાની પ્રથમ સફર ૨૨ ફેબ્રુઆરીએ કરી હતી. વાગીરને નૌ સેનામાં સામેલ કરતા પહેલા વ્યાપક સ્વીકૃતિ તપાસ, કઠોર અને પડકારજનક દરિયાઈ પરીક્ષણોની શ્રેણીમાંથી પસાર કરાઈ છે.

## પહેલવાનોના ધરણાનો અંત

### ૪ સપ્તાહની અંદર આરોપોની તપાસ કરાશે પૂર્ણઃ જ્યાં સુધી તપાસ ચાલશે ત્યાં સુધી કુશ્તી સંઘના પ્રમુખ-ભાજપના સાંસદ વ્રજભૂષણ સિંહ પોતાના હોદ્દાથી દૂર રહેશે

નવીદિલ્હી

કુશ્તી સંઘ અને પહેલવાનો વચ્ચે ચાલી રહેલા વિવાદમાં રમત મંત્રીના ઘેર પહેલવાનોની મંત્રી અને અધિકારીઓ સાથે એક બેઠક મળી હતી. જેમાં આખાયે મામલાની તપાસ કરવા માટે એક તપાસ સમિતિ રચવામાં આવશે. આ સમિતિ ચાર સપ્તાહની અંદર પોતાની તપાસ પૂર્ણ કરશે અને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી સંઘના પ્રમુખ વ્રજભૂષણ સિંહ પોતાના હોદ્દાથી દૂર રહેશે.

આ દરમિયાન પહેલવાન બજરંગ પુનિયાએ કહ્યું કે, કેન્દ્રીય રમત-ગમત મંત્રીએ અમારી માંગણીઓ સાંભળી અને યોગ્ય તપાસનું આશ્વાસન આપ્યું તે બદલ હું તેમનો આભાર માનું છું અને આશા રાખું છું કે મામલાની તટસ્થ તપાસ થશે. આ સાથે જ પહેલવાનોના ધરણાનો પણ અંત આવ્યો છે. બીજી બાજુ ઈન્ડિયન ઑલિમ્પિક એસોસિએશને પણ પહેલવાનોના આરોપોની તપાસ માટે સાત સભ્યોની કમિટી બનાવી છે જેમાં બૉક્સર મેરી કોમ, તીરંદાજ ડોલા બેનર્જી, બેડમિન્ટન ખેલાડી અલકનંદા અશોક, ફ્રી-સ્ટાઈલ કુશ્તીબાજ યોગેશ્વર દત્ત, ભારતીય વેઈટલિફ્ટિંગ મહાસંઘના પ્રમુખ સહદેવ યાદવ અને બે વકીલ સામેલ છે.

આ વિવાદની અસર યુપીના ગોંડામાં રમાનારી નેશનલ ચેમ્પિયનશિપ ઉપર પણ પડી છે. ચેમ્પિયનશિપમાં ભાગ લેવા ગયેલા દિલ્હી, હરિયાણા અને પંજાબના અનેક ખેલાડીઓ પરત ફરી રહ્યા છે. આ ટૂર્નામેન્ટમાં સામેલ દિલ્હીના ખેલાડી પ્રદીપ મીણાએ જણાવ્યું કે અત્યાર સુધીમાં ૨૦૦ પહેલવાનો પરત ફરીચૂક્યા છે.

## વાંઝિયાપણું છૂટાછેડાનો આધાર ન બની શકે, પત્નિને છોડવી એ માનસિક ક્રુરતા

(એ.આર.એલ),કોલકતા,તા.૨૦

કોલકાતા હાઈકોર્ટે ડિવોર્સ મામલે એક મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે કહ્યું કે મહિલાનું વાંઝિયાપણું છૂટાછેડાનો આધાર બની શકે નહીં. આ સાથે જ કોર્ટે એ સ્પષ્ટ પણ કર્યું કે વાંઝિયાપણાના કારણે મેન્ટલ અને ફિઝિકલ હેલ્થ સંબંધિત સમસ્યાઓ સામે ઝઝૂમી રહેલી પત્નીને છોડવી એ 'માનસિક ક્રુરતા'ના દાયરામાં આવશે. કોર્ટે પતિ દ્વારા દાખલ કરાયેલી છૂટાછેડાની અરજીને પણ રદ્દ કરી દીધી છે.

કોલકાતા હાઈકોર્ટે ડિવોર્સ મામલે એક મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે કહ્યું કે મહિલાનું વાંઝિયાપણું છૂટાછેડાનો આધાર બની શકે નહીં. આ સાથે જ કોર્ટે એ સ્પષ્ટ પણ કર્યું કે વાંઝિયાપણાના કારણે મેન્ટલ અને ફિઝિકલ હેલ્થ સંબંધિત સમસ્યાઓ સામે ઝઝૂમી રહેલી પત્નીને છોડવી એ 'માનસિક ક્રુરતા'ના દાયરામાં આવશે. કોર્ટે પતિ દ્વારા દાખલ કરાયેલી છૂટાછેડાની અરજીને પણ રદ્દ કરી દીધી છે. રિપોર્ટ્સ મુજબ સુનાવણી કરતા જસ્ટિસ શમ્પા દત્ત (પોલ) ની કોર્ટે કહ્યું કે માતા પિતા બનવાના અનેક વિકલ્પ છે. એક જીવનસાથીએ આ પરિસ્થિતિઓમાં સમજવું પડશે. કારણ કે એક સાથે જ પોતાના બીજા સાથીની માનસિક, શારીરિક શક્તિને પાછી લાવવામાં મદદ કરી શકે છે. આ રીતે મધદરિયે વાંઝિયાપણાને છૂટાછેડાનો આધાર બનાવી શકાય નહીં. અત્રે જણાવવાનું કે ૬ વર્ષ પહેલા એટલે કે ૨૦૧૭માં એક પતિએ પત્નીથી અલગ થવા માટે છૂટાછેડાની અરજી દાખલ કરી હતી. જેનો મુદ્દો હતો કે હવે તેની પત્ની ક્યારેય માતા બની શકે તેમ નથી. આ મામલે સુનાવણી થઈ. પતિએ કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ કરી તો પત્નીએ પણ બેલિયાઘાટા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરના ત્રણ ભત્રીજાઓ ઠાર

### "હિઝબુલ-મુજાહિદ્દીનના કમાન્ડરો નવ મહિનાથી વધુ જીવતા નથી"



(એ.આર.એલ),નવીદિલ્હી,

કાશ્મીર ખીણમાં આતંકવાદી ગતિવિધિઓને બેઅસર કરવા માટે સુરક્ષા દળોનું ઓપરેશન ચાલી રહ્યું છે. આ અંતર્ગત પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ચીફ મસૂદ અઝહરના ત્રણ ભત્રીજાઓને સુરક્ષા દળોએ ઠાર કર્યા હતા. ભારતમાં ઘૂસણખોરી કરી ચૂક્યા હતા. આ ત્રણેય આતંકવાદી ગતિવિધિઓથી કાશ્મીરની ખીણમાં આતંક મચાવવા માંગતા હતા. જો કે, સુરક્ષા દળોએ તેમની હિંમતનો ધ્વજ લહેરાવતા ત્રણેય આતંકીઓને ઠાર કર્યા છે.

પૂર્વ ચિનાર કોર્પ્સ કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ અનિલ ભટ્ટ (નિવૃત્ત) એ પોડકાસ્ટ પ્રોગ્રામમાં આ માહિતી શેર કરી હતી. તેણે કહ્યું કે આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનનો કમાન્ડર નવ મહિનાથી વધુ જીવતો નથી. તે પહેલા તેમની હત્યા કરવામાં આવે છે. હવે સ્થાનિક લોકો આતંકવાદથી દૂર રહેવા માંગે છે. આતંકવાદી સંગઠનો માટે સ્થિતિ મુશ્કેલ બની ગઈ છે.

## 'સ્ટાફ સિલેક્શન કમિશન'ની પરીક્ષા હવેથી પોતાની માતૃભાષામાં પણ આપી શકશે

### કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોમાં ગ્રૂપ-બી (નૉન-ગેઝેટેડ) અને ગ્રૂપ-સી (નૉન-ટેકનીકલ)ની જગ્યાઓ માટે ભરતીની કામગીરી કરતી SSCનો નિર્ણય

(એ.આર.એલ),નવીદિલ્હી,

હવે સ્ટાફ સિલેક્શન કમિશન પહેલીવાર ગુજરાતી, હિંદી અને અંગ્રેજી સહિત ૧૩ પ્રાદેશિક ભાષામાં પરીક્ષા લેશે. જેની શરૂઆત મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ (નૉન-ટેકનિકલ) એક્ઝામિનેશન-૨૦૨૨થી થશે. આ મામલે સ્ટાફ સિલેક્શન કમિશને જણાવ્યુંહતુંકે, ઉમેદવારો ઉર્દૂ, તમિલ, મલયાલમ, તેલુગુ, કન્નડ, અસમિયા, બાંગ્લા, કોંકણી, મણિપુરી, મરાઠી, ઉડિયા અને પંજાબી ભાષામાં પરીક્ષા આપી શકશે.સરકારની સૌથી મોટી ભરતી એજન્સીઓમાંની એક SSCનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ કેન્દ્રીય મંત્રાલયો/વિભાગોમાં તમામ ગ્રુપ B (નોન-ગેઝેટેડ) અને ગ્રુપ C (નોન-ટેકનિકલ) પદોની ભરતી કરવાનો છે. કમિશન દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓનું માધ્યમ સામાન્ય રીતે હિન્દી અને અંગ્રેજી છે. જોકે હવે પહેલીવાર સ્ટાફ સિલેક્શન કમિશન ગુજરાતી, હિંદી અને અંગ્રેજી સહિત ૧૩ પ્રાદેશિક ભાષામાં પરીક્ષા લેશે.

## જોશીમઠના નૃસિંહ મંદિરમાં કોઈ પણ મોટા આયોજનો પર રોક

### ભગવાન બદરીના ખજાનાને પીપલકોટીમાં મંદિર સમિતિનાં નિરિક્ષણ ભવનમાં શિફ્ટ કરવામાં આવશે


દહેરાદુન

જોશીમઠમાં વધી રહેલા જમીન ધરતી પડવાના બનાવોને લઈને નૃસિંહ મંદિર પરિસરમાં કોઈપણ મોટો સમારોહ કે આયોજન કરવા પર બદરી કેદારનાથ મંદિર સમિતિએ રોક લગાવી દીધી છે.મંદિર સમિતિના અધ્યક્ષ અજેન્દ્ર અજેયએ જણાવ્યું હતું કે સ્થાનિક નાગરિકો અને શ્રધ્ધાળુઓના સૂચન પર આ નિર્ણય લેવાયો છે.હવે



જોશીમઠમાં કોઈપણ પ્રકારના આયોજનો-ગતિવિધી મંજુરી વિના નહિં થઈ શકે.જમીન ધસવાને લઈને ભગવાન બદરીના શીતકાલ જોશીમઠમાં રાખવામાં આવતા ખજાનાને લઈને પણ મંદિર સમિતિ અને સરકારની ચિંતા વધી છે. મંદિર સમિતિનું કહેવુ છે કે જો સ્થિતિ વધુ બગડે છે તો અહીથી ખજાનાને પીપલકોટીમાં મંદિર સમિતિનાં નિરિક્ષણ ભવનમાં શિફ્ટ કરવામાં આવશે અને જરૂર પડવા પર પીપલ કોટીમાં મંદિર સમિતિનાં નિરિક્ષણ ભવનના હોલને સ્ટ્રોંગ રૂમ બનાવવામાં આવશે.

## મુસ્લિમોમાં હલાલા અને એકથી વધુ લગ્ન કરવા પર પ્રતિબંધ લાગે તેવી સંભાવના



### મુસ્લિમોમાં નિકાહ હલાલા અને ચાર લગ્નની પ્રથા સામે દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીઓની સુનાવણી માટે બંધારણીય બેંચની નવેસરથી રચના કરવામાં આવશે

(એ.આર.એલ),નવીદિલ્હી,

મુસ્લિમોમાં ટ્રિપલ તલાકની દુષ્ટ પ્રથા પર પ્રતિબંધ મૂક્યા બાદ હવે નિકાહ હલાલા અને બહુપત્નીત્વનો મામલો પણ સુપ્રીમ કોર્ટમાં વિચારણા હેઠળ છે. કોર્ટે આજે કહ્યું છે કે તે ટૂંક સમયમાં આ મામલાઓ પર ફરીથી સુનાવણી કરવા માટે ૫ સભ્યોની બંધારણીય બેંચની રચના કરશે. આ મામલો પણ ૨૦૧૮થી કોર્ટમાં પેન્ડિંગ છે, પરંતુ હવે સુનાવણીમાં ઝડપ આવે તેવી શક્યતા છે. આ બેન્ચના કેટલાક જજો વચ્ચે વચ્ચે નિવૃત્ત થઈ ગયા હતા. એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની વિનંતી પર સીજેઆઇ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી ખંડપીઠે નવી ૫ સભ્યોની બંધારણીય બેંચની રચના કરવાની વાત કહી છે.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે તે મુસ્લિમોમાં બહુપત્નીત્વ અને નિકાહ હલાલાની પ્રથાને પડકારતી અરજીઓની સુનાવણી માટે પાંચ જજોની બંધારણીય બેંચની રચના કરશે. અરજીમાં મુસ્લિમોની આ પ્રથાઓની બંધારણીય માન્યતાને પડકારવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ પીએસ નરસિમ્હાની અધ્યક્ષતાવાળી બેન્ચે એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની વિનંતી પર સંજ્ઞાન લીધું છે. ઉપાધ્યાયે આ મામલે જાહેર હિતની અરજી પણ દાખલ કરી છે. તેમણે કોર્ટ પાસે માંગ કરી હતી કે કારણ કે અગાઉની ૫ સભ્યોની બંધારણીય બેંચના બે જજ જસ્ટિસ ઈન્દિરા બેનર્જી અને જસ્ટિસ હેમંત ગુપ્તા નિવૃત્ત થઈ ગયા છે. તેથી નવી પાંચ સભ્યોની બેંચની રચના કરવાની જરૂર છે.

સીજેઆઇ ચંદ્રચુડે કહ્યું, "પાંચ જજની બેન્ચ સમક્ષ ખૂબ જ મહત્વપૂર્ણ મામલા પેન્ડિંગ છે. અમે એક રચના કરીશું અને આ મુદ્દાને ધ્યાનમાં લઈશું. ઉપાધ્યાયે ગયા વર્ષે ૨ નવેમ્બરે જ કોર્ટ સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો.

ગયા વર્ષે ૩૦ ઓગસ્ટે જસ્ટિસ ઈન્દિરા બેનર્જી, જસ્ટિસ હેમંત ગુપ્તા, જસ્ટિસ સૂર્યકાન્ત, જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ સુધાંશુ ધૂલિયાની પાંચ સભ્યોની બેંચે નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન,નેશનલ કમિશન ફોર વુમનનો ઉલ્લેખ કર્યો હતો.

# એડવાન્સ વેરા ભર્યા તો મળશે ૧૦ ટકા રિબેટ

અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના નાગરિકોને નગરપાલિકાઓના તમામ પ્રકારના બાકી વેરા ભરપાઈ કરવા માટે રાહત આપતા બે મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. મુખ્યમંત્રીએ રાજ્યની તમામ વર્ગની નગરપાલિકાઓ પૂરતા નાણાં ભંડોળ અને નાણાંકીય વ્યવસ્થાપન દ્વારા આત્મનિર્ભર બને અને નગરોના કરદાતાઓને પણ કર ભરવામાં પ્રોત્સાહન મળે તેવા હેતુથી "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના "જાહેર કરેલી છે. આ સંદર્ભમાં આ વળતર યોજનાના ધોરણો વધુ ઉદાર બનાવવાના જનહિતકારી બે નિર્ણયો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યા છે.

મુખ્યમંત્રીએ કરેલા આ નિર્ણય અનુસાર, જે કરદાતાઓ તેમની મિલ્કત ઉપરના તા.૩૧મી માર્ચ-૨૦૨૨ સુધીના કે તે પહેલાના માંગણા બિલના તમામ પ્રકારના વેરાની બાકી રકમ તા.૩૧મી માર્ચ-૨૦૨૩ સુધીમાં ભરપાઇ કરે તેમને નોટિસ ફી, વ્યાજ પેન્લટી અને વોરંટ ફી ની રકમ ૧૦૦ ટકા માફ કરી દેવાશે. ભૂપેન્દ્ર પટેલે એવો પણ નિર્ણય કર્યો છે કે, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની વેરાની રકમ તા.૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં એડવાન્સ ભરી દે તેવા કરદાતાઓને આ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના અંતર્ગત ૧૦ ટકા રિબેટ અપાશે.

વેરાની એડવાન્સ રકમ તા.૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં મોબાઈલ એપ્લીકેશન કે ઈ-નગર ઓનલાઈન પોર્ટલ દ્વારા ભરપાઇ કરે તેવા કરદાતાઓને વધારાનું પાંચ ટકા વળતર આપવામાં આવશે.

# પતિએ પત્ની હત્યા કરી ઘરમાં આગ લગાવી હતીઃ થયો ખુલસો

અમદાવાદ,

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં સૌથી પ્રખ્યાત એવા ગોદરેજ ગાર્ડન સિટીમાં વહેલી સવારે આગ લાગવાની ઘટના બની હતી. બિલ્ડીંગના ચોથા માળે આગ લાગી હતી. જેને પગલે ફાયર વિભાગની છ ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી હતી. આ આગમાં એક મહિલાનુ મોત નિપજ્યું છે. તેમજ પુરુષની હાલત ગંભીર છે.જોકે, પતિએ પત્નીની હત્યા કર્યા બાદ પુરવાનો નાશ કરવા ઘરમાં આગ લગાવ્યાનુ પ્રાથમિક તારણ સામે આવ્યું છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના ગોદરેજ ગાર્ડન સિટીમાં આગ લાગવાનો કોલ ફાયર વિભાગને મળ્યો હતો. ઈડન ૫ ફ્લેટના મકાન નંબર ફ ૪૦૫ માં આગ લાગી હતી. જેથી ફાયર વિભાગની ૬ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ બૂઝવવાની કામગીરીમાં લાગી હતી. આ આગમાં પરિવારની મહિલાનુ મોત નિપજ્યુ હતું. તો પુરુષ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હતો. બે બાળકો સ્કૂલમાં ગયા હતા ત્યારે મકાનમાં આગ લાગી હતી. ત્યારે આ આગમાં પોલીસે તપાસ કરતા મોટો ઘટસ્ફોટ થયો હતો.

પ્રાથમિક તપાસમાં જ ખુલાસો થયો કે, પતિએ પત્નીની હત્યા કર્યા બાદ ઘરમાં આગ લગાવી હતી. હત્યાના પુરાવાઓનો નાશ કરવા પતિએ જ આગ લગાવી હતી. મહિલાના ગળા અને હાથ પર ચપ્પુના નિશાન હતા. તો પતિનાં શરીર પર પણ ચપ્પુના નિશાન હતા.

તપાસમાં ખૂલ્યું કે, મૃતકનું નામ અનિતા બઘેલ છે, જ્યારે પતિનું નામ અનિલ બઘેલ છે. આ દંપતીને બે સંતાન છે.

# ભાજપના નિકોલના કોર્પોરેટર બળદેવ પટેલને લોકોએ જાહેરમાં માર માર્યો



અમદાવાદ,

અમદાવાદના નિકોલ વોર્ડના ભાજપના કોર્પોરેટર બળદેવ પટેલને આજે બપોરે લોકોએ જાહેરમાં માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા શિવાજી ચોક પાસે ટીપી સ્કીમના અમલીકરણ બાબતે જ્યારે તેઓ ગયા ત્યારે લોકોનું ટોળું તેમને ઘેરી વળ્યું હતું અને લોકોએ જાહેરમાં તેઓને માર માર્યો હતો. ઈજાગ્રસ્ત કોર્પોરેટરને સારવાર અર્થે કાકડીયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે પાછળથી પોલીસને જાણ થતા કૃષ્ણનગર પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને ફરિયાદની તજવીજ હાથ ધરી હતી.

અમદાવાદના નિકોલ વોર્ડના ભાજપના કોર્પોરેટર બળદેવ પટેલને આજે બપોરે લોકોએ જાહેરમાં માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા શિવાજી ચોક પાસે ટીપી સ્કીમના અમલીકરણ બાબતે તેઓ રજૂઆત કરવા માટે ગયા હતા. ત્યારે પથી વધુ લોકોનું ટોળું તેમને ઘેરી વળ્યું હતું અને લોકોએ જાહેરમાં જ તેઓને માર માર્યો હતો. લોકોએ પોતાના ઘર રોડની કપાતમાં જતા હોવાથી પોતાનો ગુસ્સો તેમની ઉપર ઠાલવ્યો હોવાની લોક ચર્ચા ચાલી રહી છે. ઈજાગ્રસ્ત કોર્પોરેટરને સારવાર માટે કાકડીયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના શાસક પક્ષના નેતા ભાસ્કર ભટ્ટ અને દસ્ક્રોઈના ધારાસભ્ય બાબુ પટેલ તાત્કાલિક હોસ્પિટલ દોડી ગયા હતા.

આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના નેતા ભાસ્કર ભટ્ટે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ટીપી સ્કીમના રોડના અમલીકરણ બાબતે સવારે તેઓ દસ્ક્રોઈના ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલની ઓફિસે ગયા હતા અને ત્યાં સમજાવટ બાદ ઘરે પરત ગયા હતા. ઘર પાસે લોકોએ તેઓને ફરીથી બોલાવ્યા હતા અને ત્યારબાદ ત્યાં મારામારી કરવામાં આવી હતી. હાલમાં કોર્પોરેટરને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.આ અંગે બળદેવ પટેલે જણાવ્યું હતું કે, આજે ટીપી સ્કીમની રોડ કપાત મામલે સ્થાનિક લોકો ધારાસભ્ય બાબુ પટેલની ઓફિસે ગયા હતા. જ્યાં તેઓને સમજાવ્યા હતા કે, જ્યારે ફાઈનલ ટીપી થશે, ત્યારે જોઈશું. જો તમે કહેશો તો મકાન તૂટશે નહીં તો જ્યારે ફાઈનલ ટીપી થાય ત્યારે નિર્ણય લઈશું. સમજાવટ બાદ અમે ત્યાંથી નીકળી ગયા હતા.

# કોંગ્રેસનો સપાટો 33 નેતાઓનો પાર્ટીમાંથી કર્યા સસ્પેન્ડ

અમદાવાદ,

ગુજરાતની ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિઓમાં ભાજપ કાર્યવાહી કરે કે ના કરે પણ કોંગ્રેસે કરી દેખાડી છે. વિધાનસભા ચૂંટણીમાં પક્ષ વિરોધી કામ કરનાર નેતાઓ સામે કોંગ્રેસ કડક બની છે. આજે કોંગ્રેસે ૩૩ નેતાઓને સસ્પેન્ડ કરી દીધા છે. ભાજપનો રિપોર્ટ પણ આજકાલમાં સબમિટ થઈ જશે. ભાજપ આ મામલે કડક પગલાં ભરે તેવી સંભાવના છે. જેમાં પૂર્વમંત્રીઓથી લઈને મોટા નેતાઓના નામ સામેલ છે. સુરેન્દ્રનગર કોંગ્રેસ પ્રમુખ રૈયાભાઈ રાઠોડને પક્ષમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે. નર્મદા જિલ્લા પ્રમુખ હરેન્દ્ર વાણંદને પણ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયા છે. પૂર્વ ધારાસભ્ય પીડી વસાવાને પણ કોંગ્રેસ પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ સસ્પેન્ડ કર્યા છે. આમ કોંગ્રેસે મોટા માથાઓને ઘરભેગા કરી દીધા છે. કોંગ્રેસે નેતાઓને ઝટકો આપ્યો છે. આ સાબિત કરે છે કે કોંગ્રેસ કોઈને પણ છોડવાના મૂડમાં નથી.



કોંગ્રેસ ઉમેદવારના વિરોધમાં કામ કરનાર સામે કાર્યવાહી કરાઈ છે. ૫ સભ્યોની શિસ્ત સમિતિએ સાથે મળી નિર્ણય લીધો છે. ૭૧ અરજીઓમાં ૯૫ લોકો સામે ફરિયાદો આવી હતી. વધારે દોષિતને સસ્પેન્ડ અને કેટલાક હોદ્દેદારના હોદ્દા પરત લેવાયા છે. કોંગ્રેસે મસમોટા નિર્ણાયો લઈને ૩૩ લોકોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. ૧૮ લોકોને રૂબરૂ મળી નિર્ણય લેવાશે. ૬ હોદ્દેદારોના હોદ્દા પરત લેવામાં આવ્યા છે. ૮ અરજીઓમાં ઠપકો આપવામાં આવ્યા છે જયારે ૪ અરજીઓ પેન્ડિંગ રખાઈ છે. કોંગ્રેસે ૨ જિલ્લાના પ્રમુખને સસ્પેન્ડ અને એક પૂર્વ પ્રમુખને સસ્પેન્ડ કરી દીધા છે. કોંગ્રેસે ભલે ૧૭ સીટો જ જીતી હોય પણ પક્ષપલટુઓને બિલકુલ માફ કરવાના મૂડમાં નથી. ભાજપ હજુ નેતાઓની આળપંપાળ કરી રહી છે.

તો બીજી તરફ, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ભલે રેકોર્ડબ્રેક બેઠકો જીતી હોય,

# ફિલ્મમાંથી આપત્તિજનક સીન દૂર ન કરાયા તો અમારો વિરોધ યથાવત્: VHP

અમદાવાદ,

શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની અપકમિંગ ફિલ્મ પઠાણ રિલીઝ થાય તે પહેલા જ વિવાદના વંટોળમાં ફસાઈ છે. લેટેસ્ટ ખબર પ્રમાણે, વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના પ્રતિનિધિઓ માત્ર એક જ શરત પર આ વાંધો ન દર્શાવવા માટે તૈયાર થયા છે. બંને સંગઠનના પ્રવક્તાએ કહ્યું હતું કે, તેઓ ફિલ્મને રિલીઝ કરવાની મંજૂરી તો જ આપશે જો સંતો અને ફ ૐ તેમજ બજરંગ દળના પદાધિકારીઓ 'હા' પાડે. 'પઠાણ'નું સોન્ગ 'બેશરમ રંગ' ડિસેમ્બરમાં લોન્ચ થયું ત્યારથી તેનો વિરોધ થઈ રહ્યો છે. આ સોન્ગમાં દીપિકાએ પહેરેલી 'ભગવા બિકિની'થી હિંદુ ધર્મના લોકોની લાગણી દુભાઈ હોવાનો આરોપ છે. ફિલ્મ ૨૫મી જાન્યુઆરીએ થિયેટરમાં આવવાની છે. બે દિવસ પહેલા જ ગૃહમંત્રી હર્ષ



સંઘવીએ મલ્ટીપ્લેક્સના માલિકોને પોલીસ સુરક્ષા આપવાની ખાતરી આપી હતી. તો સંગઠનોએ કહ્યું હતું કે, 'જો તેમાં કંઈ વાંધાજનક ન મળી આવ્યું તો જ રિલીઝ થવા દઈશું'. વીએચપી ગુજરાતના જનરલ સેક્રેટરી અશોક રાવલે જણાવ્યું હતું કે, કેટલાક સંતો, વીએચપી ઓફિસના પદાધિકારીઓ અને બજરંગ દળના આગેવાનો માટે ફિલ્મ રિલીઝ થાય તે પહેલા સ્ક્રીનિંગ રાખવામાં આવી શકે છે.

# બુટલેગરોની મદદ કરવા પોલીસે જ કરી પોલીસની જાસૂસી! બે સસ્પેન્ડ

ભરુચ,

ભરુચ લોકલ ક્રાઈમ બ્રાંચમાં ફરજ બજાવતા બે કોન્સ્ટેબલોને જિલ્લા એસપી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ થનારા બંને કોન્સ્ટેબલો પર પોલીસકર્મીઓની જ જાસૂસી કરવાનો આરોપ છે. તેઓ દારુ-જુગારના ધંધા પર નજર રાખતી સ્ટેટ મોનિટરિંગ સેલના ૧૫ અધિકારીઓની જાસૂસી કરી તેમના લોકેશન બુટલેગરોને આપી દેતા હતા. જેનાથી સ્ટેટ મોનિટરિંગ સેલની રેડ પડે તે પહેલા જ બૂટલેગરો દારુનો જથ્થો સગેવગે કરી દેતા હતા, અને પોલીસ હંમેશા હાથ ઘસતી રહી જતી હતી. પોલીસની હિલચાલની માહિતી બુટલેગર સુધી પહોંચાડતા આ બંને કોન્સ્ટેબલોના નામ અશોક સોલંકી તેમજ મયૂર ખુમાણ હોવાનું બહાર આવ્યું છે. આમ તો તેમને સોમવારે જ સસ્પેન્ડ કરી દેવાયા હતા, પરંતુ તેની વિગતો છેક ગુરુવારે બહાર આવી હતી.

આ બંને કોન્સ્ટેબલો સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓનું લોકેશન શેર કરવા બદલ બુટલેગર પાસેથી તગડી રકમ પણ મેળવતા હોવાની આશંકા છે. છેલ્લા કેટલાક સમયથી પોલીસ ભરુચ તેમજ વડોદરામાં બુટલેગરો પાસેથી દારુનો મોટો જથ્થો પકડવા માટે મથી રહી હતી. બુટલેગરોએ દારુનો ક્યાં સ્ટોક કર્યો છે તેની પાક્કી માહિતી મળ્યા બાદ પણ પોલીસની ટીમ જયારે ત્યાં પહોંચતી ત્યારે કશુંય નહોતું મળતું. જેના કારણે સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓને શંકા પડી હતી કે તેમની હિલચાલ પર કોઈના દ્વારા નજર રાખવામાં આવી રહી છે, અને તેની માહિતી બુટલેગરોને પહોંચાડાઈ રહી છે.

આ મામલે તપાસ કરાવાતા આ બંને કોન્સ્ટેબલોનો ભાંડો ફુટ્યો હતો. તપાસમાં એવું પણ બહાર આવ્યું હતું કે તેમણે સ્ટેટ મોનિટરિંગ સેલના ૧૫ અધિકારીઓના છેલ્લા ત્રણ મહિનામાં ૭૬૦ વાર લોકેશન મેળવ્યા હતા, અને તેની માહિતી બુટલેગરો સુધી પહોંચાડી હતી. અશોક સોલંકી અને મયૂર ખુમાણ છેલ્લા ૧૦ વર્ષથી ભરુચ લોકલ ક્રાઈમ બ્રાંચની સાયબર સેલમાં ફરજ બજાવે છે.

# કબૂતરબાજીમાં ભાજપના ટોચના નેતા અને કાર્યકરોના નામ ઉછળ્યા

અમદાવાદ,

દેશના બહુ ચકચારી ડિંગુચા પ્રકરણનો રેલો હવે ધીમેધીમે ભાજપના કમલમ સુધી પહોંચ્યો છે. કરોડો રૂપિયાના કબૂતરબાજીના કૌભાંડમાં છેવટે બોબી પટેલ તથા યોગેશ પટેલની ધરપકડ થઈ છે, પણ પ્રકરણમાં બચાવવા જતાં કમલમના એક મોટા કદના નેતા ફસાયા છે. જેનો રેલો છેક દિલ્હી સુધી પહોંચ્યો છે. પોતાની જાતને સુપર ગૃહમંત્રી સમજતા આ નેતાને પોલીસે ઔકાત તો દેખાડી દીધી છે પણ આ પ્રકરણમાં નેતાના પગતળે રેલો આવે તો નવાઈ નહીં. કારણ કે હવે એક આરોપીને કમલમથી બચાવવાનો પ્રયાસ થયો હોવાની ઘટના મામલે દિલ્હી સુધી પડઘા પડ્યા છે. આ પ્રકરણમાં મોનીટરીંગ સેલના પીઆઈ જવાહર દહિયા સસ્પેન્ડ થઈ ગયા છે. કબૂતરબાજીમાં ઝડપાયેલા બે માફિયાઓની ભાજપના નેતા-કાર્યકરો વચ્ચે સીધી સાંઠગાંઠ હોવાના ખુલાસાથી ભાજપમાં પણ આ મામલાએ તુલ પકડી છે.

ભાજપ સંગઠનની છત્રછાયાને કારણે તમને કંઈ નહીં થાય ની બડાશો હાંકતા નેતાઓની બકરી ડબ્બામાં પૂરાઈ ગઈ છે. એમને એમ કે આ પ્રકરણમાં પોલીસને કહેવાથી કામ થઈ જશે પણ હવે એમના પર પણ છાંટા ઉડી રહ્યાં છે. આ પ્રકરણમાં ભાજપના નેતાએ બચાવ કર્યો હોવાનું બહાર આવતાં સરકાર અને સંગઠનમાં પણ સોપો પડી ગયો છે. સરકાર આ મામલે કડકાઈથી કાર્યવાહી કરી રહી છે.

# ગુજરાત સરકારનું દેવુ રૂપિયા ૩,૦૦,૯૬૩ કરોડને પાર થયું

ગાંધીનગર,

ગુજરાત વિકાસના પંથે ભૂપેન્દ્ર પટેલની સરકારમાં સતત આગળ વધી રહ્યું છે પણ આ સાથે સાથે ગુજરાતનું દેવું પણ વધી રહ્યું છે. કહેવાય છે કે વિકાસ હોય તો દેવું થવાનું છે કારણ કે રૂપિયા વિના વિકાસ પણ શક્ય નથી. ગુજરાત સરકારનું દેવુ રૂપિયા ૩,૦૦,૯૬૩ કરોડને પાર થયુ છે અને એ જ રસ્તે હવે રાજયની ૧૫૭ નગરપાલિકાઓનો વહિવટ આગળ વધી રહ્યો છે. પાલિકાઓના પાણી અને વીજળી બીલનું બાકી લ્હેણું રૂપિયા ૧,૧૬૦ કરોડે પહોંચ્યુ છે. જો, ગુજરાત સરકાર દ્વારા પાલિકાઓને ચૂકવાતી સહાય બંધ કરી દેવાય તો આ સંસ્થાઓની આર્થિક સ્થિતિ વધુ વણસી જશે. થોડા દિવસ પહેલાં જસદણ પાલિકાનું વીજકંપનીએ કનેક્શન કાપી નાખતાં સત્તાધીશો દોડતા થઈ ગયા હતા. જેઓએ માંડ માંડ કનેક્શન રિસ્ટોર કરાવી લાઈટ ચાલુ કરાવી હતી. પાલિકા સત્તાધિશો વેરાઓની ઉઘરાણી ન કરી શકતા આ બોજ સરકાર પર પણ વધી રહ્યો છે. પાણી પુરવઠા અને વીજકંપનીઓના તોતિંગ બિલો પાલિકા પર ચડી રહ્યાં છે. ૧૫૭માંથી ઘણી નગર પાલિકાઓ આ બિલો ચૂકવવામાં અસમર્થ છે કારણ કે એમની વસૂલાત ઓછી છે.ગુરૂવારે રાજ્યની તમામ નગરપાલિકાઓના પદાધિકારી અને ચીફ ઓફિસર્સની સિટી લિડર્સ કોક્લેવ મળી હતી. જેમાં ૧૫૦ શહેરી સંસ્થાની આર્થિક વિકાસનું પ્રેઝન્ટેશન કરાયું હતું. હાલમાં ૧૫૭ નગરપાલિકાઓને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાણી પુરૂ પાડે છે. વોટર ચાર્જિસ પેટે સરકારના આ બોર્ડને રૂપિયા ૬૧૦ કરોડ લેવાના બાકી નીકળે છે. જ્યારે સ્ટ્રીટ લાઈટ સહિત વીજ વપરાશ પેટે રૂપિયા ૫૫૦ કરોડનું બીલ વિવિધ ઉર્જા કંપનીઓને લેવાનું થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં ૧૫ માં નાણાપંચની ગ્રાન્ટમાંથી કરવાના વિકાસ કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી માટે નગરપાલિકા કક્ષાએ સમિતિની રચના કરવાનો અને તેને ફાઈનાન્સિયલ પાવર્સ ડેલિગેટ કરવાનો (નાણાંકીય સત્તા સોપવાનો) નિર્ણય કર્યો છે. રાજ્યના નગરો-મહાનગરોમાં થતાં વિકાસ કામોમાં ગતિ લાવવા મુખ્યમંત્રીએ કુનેહપૂર્ણ અભિગમ દાખવી આ આગવો નિર્ણય કર્યો છે.

# ગુજરાતમાં ૨૪મી બાદ શરુ થશે કાતિલ ઠંડીનો રાઉન્ડ

અમદાવાદ,

રાજયમાં છેલ્લાં કેટલાંક દિવસોથી કાતિલ ઠંડી પડી રહી છે. છેલ્લાં કેટલાંક દિવસોથી લોકો હાડ થીજવતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં કાતિલ ઠંડી પડશે એવી આગાહી જ્યોતિષોએ કરી છે. આગામી ૨૪ જાન્યુઆરી બાદ રાજ્યમાં કાતિલ ઠંડી પડશે એવી આગાહી કરવામાં આવી છે. જે બાદ રાજ્યના લોકોને હાડ થીજવતી ઠંડીનો અનુભવ થશે. તો ફેબ્રુઆરીમાં ૧૯ તારીખ પછી ઠંડીના પ્રમાણમાં ઘટાડો જોવા મળશે. રાજ્યમાં છેલ્લાં કેટલાંક દિવસોથી કાતિલ ઠંડી પડી રહી છે. ત્યારે જ્યોતિષોએ આગાહી કરી છે કે, આગામી ૨૪ જાન્યુઆરી બાદ રાજ્યમાં કાતિલ ઠંડીનો વધુ એક રાઉન્ડ શરુ થશે. જે બાદ રાજ્યના લોકોએ હાડ થીજવતી ઠંડીનો સામનો કરવો પડશે.

# આઠ માસમાં રાજ્યમાં 88 લાખ બાળકોનું સ્વાસ્થ્ય સ્ક્રિનિંગ

ગાંધીનગર,

ગુજરાતમાં આઠ માસમાં રાજ્યમાં ૮૮ લાખ બાળકોનું સ્વાસ્થ્ય સ્ક્રિનિંગ કરવામા આવ્યું હતું. આ સ્વાસ્થ્ય સ્ક્રિનિંગ દરમિયાન ૩,૧૯૫ બાળકોને કિડની, હૃદય અને કેન્સર જેવી ગંભીર બીમારી સામે આવી છે. ગંભીર બીમારીઓની બાળકોની સારવાર કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૬ લાખ ૪૭ હજાર બાળકોનું સ્વાસ્થ્ય સ્ક્રીનિંગ થયું. જેમાં ૨૧૦ બાળકોમાં હાર્ટ, ૭૪૨ બાળકોમાં કિડની અને ૩૩૭ બાળકોની કેન્સરની બીમારીઓ જોવા મળી. આ આંકડા બતાવે છે કે, ગુજરાતના બાળકો કેટલા બીમાર છે. શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૮ મહિનામાં રાજ્યના ૮૮ લાખથી વધુ બાળકોનું સ્વાસ્થ્ય સ્ક્રીનીંગ કરવામાં આવ્યું. આરોગ્ય ટીમ દ્વારા છેલ્લા ૮ મહિનામાં દર મહિને ૧૧ લાખ જેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. સ્ક્રીનીંગ દરમિયાન ૩૧૯૫ બાળકોમાં નિદાન થયેલ કિડની, હૃદય, કેન્સર સહિતની બીમારી દેખાઈ હતી, જેની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી. કિડની, લીવર અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ જેવી ખર્ચાળ સર્જરી પણ આ યોજના અંતર્ગત સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલ્ધ કરાઈ. શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં એપ્રિલ-૨૦૨૨ થી ૧૯ જાન્યુઆરી ૨૦૨૩માં સુધીમાં રાજયના ૮૮



લાખ ૪૯ હજાર ૮૦૯ બાળકોની સ્વાસ્થ્ય સંબંધિત આરોગ્ય તપાસ - સ્ક્રીનીંગ કરવામાં આવી છે. શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવતા સ્ક્રીનીંગ પ્રક્રિયામાં બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધું ૬ લાખ ૪૭ હજાર ૫૦૨ બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે.રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા મળતી માહિતી અનુસાર ખેડા જિલ્લામાં ૪.૬૪ લાખ,સુરત કોર્પોરેશનમાં ૪.૫૩ લાખ,કચ્છમાં ૪.૪૪ લાખ, અમદાવાદ કોર્પોરેશનમાં ૩.૯૨ લાખ, મહેસાણામાં ૩.૯૦ લાખ,આણંદમાં ૩.૮૭ લાખ , રાજકોટમાં ૩.૨૭ લાખ બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે.

રાજ્યાના કેટલાક જિલ્લાઓએ ઉત્તમ પ્રદર્શન કરીને સ્ક્રીનીંગના નિર્ધારિત લક્ષ્યાંકના ૧૦૦ ટકા થી વધુ પુર્ણ કર્યા છે. જેમાં સુરત જિલ્લામાં સર્વશ્રેષ્ઠ ૧૬૫ ટકા કામગીરી થઇ છે.

રાજયના ૮૮.૪૯ લાખ સ્ક્રીનીંગ થયેલ બાળકોમાંથી ૩૧૯૫ જેટલા બાળકોમાં કિડની, હૃદય, કેન્સર જેવી વિવિધ બિમારીઓનું નિદાન થયું હતુ. જેની સફળતાપૂર્વક સારવાર આપવામાં આવી છે. જેમાં ૨૧૧૦ બાળકોની હૃદયરોગ સંબધિત સારવાર, ૭૨૪ કિડનીની સારવાર, ૩૩૭ કેન્સરની સારવાર આપવામાં આવી છે.૧૩ બાળકોના કીડની ટ્રાન્સપ્લાન્ટ, ૧૦ બાળકોના બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ અને ૧ બાળકના લીવર ટ્રાન્સપ્લાન્ટની સારવાર પણ આ યોજના અંતર્ગત સમાવિષ્ટ કરીને બાળકોને લાભ આપવામાં આવ્યો છે.

# વિરાર-વલસાડ લોકલ ટ્રેનમાંથી સાત મહિલાઓને દારૂની બોટલ સાથે ઝડપાઈ

વલસાડ,

કોરોના મહામારી બાદ ટ્રેન વ્યવવાર સામાન્ય થતા રેલવે માર્ગે દારૂની હેરાફેરી કરતા બુટલેગરો સક્રિય બન્યા હોવાની બાતમી રેલવે એલસીબીને મળી હતી. જેના આધારે ચેક કરતા વિરાર-વલસાડ ટ્રેનમાંથી અતુલ અને વલસાડ વચ્ચે રનિંગ ટ્રેનમાંથી ૭ મહિલાઓને કુલ ૩૮૩ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી હતી. રેલવે એલસીબીની ટીમે નવસારી અને સુરતની કુલ ૭ મહિલા બુટલેગરોની ધરપકડ કરીને વલસાડ જીઆરપી પોલીસ મથકે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. રેલવે એલસીબીની ટીમ પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત વલસાડ જીઆરપી પોલીસ મથક હદ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી, મુંબઈ અમદાવાદ વચ્ચે ટ્રેન વ્યવહાર સામાન્ય થયા બાદ ટ્રેન માર્ગે દારૂની હેરાફેરી કરતા બુટલેગરો વધુ સક્રિય થયા હોવાની બાતમી મળી હતી. જેના આધારે રેલવે એલસીબીની ટીમે વલસાડ-વાપી વચ્ચે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન મળેલી બાતમીના આધારે, વિરાર-વલસાડ લોકલ ટ્રેનમાં વાપીથી કેટલીક મહિલાઓ ઈંગ્લિશ દારૂનો જથ્થો લઈ વલસાડ આવી અલગ અલગ ટ્રેનોમાં નવસારી અને સુરત ખાતે દારૂનો જથ્થો સપ્લાય કરતી હોવાની બાતમી એલસીબીની ટીમને મળી હતી. એલસીબીની ટીમને મળેલી બાતમીના આધારે રેલવે એલસીબીની ટીમે વિરાર-વલસાડ લોકલ ટ્રેનમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

# રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરીની દિવાલો આપે છે 'બેટી બચાવો, બેટી પઢાવો'નો સંદેશ


તસવીર : દિલિપ ગોહેલ

**જિલ્લા કલેક્ટરનો નવતર અભિગમ : યુવા કલાકારોએ બનાવેલા ચિત્રોને કચેરીમાં પ્રદર્શિત કરાયા**

રાજકોટ,

કહેવત છે કે, 'એક ચિત્ર યા તસવીર એક હજાર શબ્દોની ગરજ સારે છે.' ચિત્રકળાની વિશેષતા એ છે કે સામાન્ય કે નિરક્ષર વ્યક્તિ પણ ચિત્રમાં રહેલો સંદેશો સરળતાથી સમજી શકે છે. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરશ્રી અરૂણ મહેશ બાબુના નિર્દેશ મુજબ, 'બેટી બચાવો, બેટી પઢાવો'ની થીમ સાથે થોડા સમય અગાઉ ચિત્રસ્પર્ધાના સહભાગી કલાકારોએ બનાવેલા ચિત્રોને પ્રદર્શિત કરવામાં આવ્યા છે. એક તરફ આ ચિત્રોના કચેરીની મુલાકાતે આવનારા મુલાકાતીઓને 'બેટી બચાવો, બેટી પઢાવો' અને 'મહિલા સશક્તિકરણ'નો સંદેશ મળે છે, સાથે સાથે કલાકારોની કલાને પણ યોગ્ય મંચ મળ્યું છે.

રાજકોટ જિલ્લા કલેકટરશ્રી અરુણ મહેશ બાબુના માર્ગદર્શન પ્રમાણે, જિલ્લા કલેકટર કચેરીની સીડી પાસે ખાલી દિવાલમાં લોકો જોઈ શકે તે રીતે આર્ટ ગેલેરી નિર્માણ કરવામાં આવી છે. જેમાં આશરે ૫૦થી વધુ પ્રેરણાત્મક ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. વોટર કલર, એક્રેલીક કલર અને પોસ્ટલ કલરથી તૈયાર કરેલાં ચિત્રોના માધ્યમથી મહિલાઓના સર્વાંગી વિકાસનો સંદેશો પાઠવવામાં આવ્યો છે. 'નો ગર્લ, નો મધર, અલ્ટીમેટલી નો લાઈફ', 'પ્લીઝ સેવ ધ વુમન લાઈફ', 'પ્રથમ ગુરુ મા', 'રિયલ મેન ડોન્ટ રેપ', જેવા સૂત્રોથી લિંગભેદ સમાનતા, સામાજિક દૂષણ અને કુ-રિવાજોનો વિરોધ, પારિવારિક જવાબદારી નિભાવવાની સાથે આજીવિકા કમાતી આધુનિક નારીના જીવન સહિત અનેકવિધ પાસાંઓને ઉજાગર કરવામાં આવ્યા છે.

આ અંગે રાજકોટ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી અવનીબેન દવેએ જણાવ્યું હતું કે, ગત ૮ માર્ચ - 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તો મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન હેઠળ રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે ઓપન રાજકોટ લાઈવ ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં બાળકોથી લઈ વયસ્ક એવા ૨૦૦થી વધુ ચિત્રકારોએ બનાવેલાં ૧૦૦થી વધુ ચિત્રો પૈકી હાલ ૫૦થી વધુ ચિત્રો ચિત્રકારના નામ સાથે ફ્રેમમાં મઢાવી કલેક્ટર કચેરીમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે સ્પર્ધામાં મોટા ભાગે ચિત્રાનગરીના કલાકારો સહભાગી બન્યા હતા.આમ, રાજકોટ જિલ્લા કલેકટરશ્રી અરુણ મહેશ બાબુએ પ્રો-એક્ટિવ અભિગમ અપનાવી અરજદારોમાં નારી સુરક્ષા-મહિલા કલ્યાણની ભાવનાને પ્રબળ બનાવવા નવતર પહેલ હાથ ધરી છે. સાથોસાથ કલેકટરશ્રીએ ચિત્રકળાને પ્રોત્સાહન આપવાનો અને કલાકારોના કૌશલ્યને ઝળકાવવાનો સફળ પ્રયાસ પણ કર્યો છે.

# ટંકારા તાલુકાના શિક્ષિકા ગીતાબેન સાંચલાને પૂજ્ય મોરારિબાપુ દ્વારા ચિત્રકૂટ પારિતોષિક એનાયત કરાયો

**શિક્ષિકા ગીતાબેન સાંચલાએ ટંકારા તાલુકા નું ગૌરવ વધારેલ છે : જિલ્લામાં પ્રથમ વખત મહિલા શિક્ષકની આ એવોર્ડ માટે પસંદગી થઈ**


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ, તા. ૨૧

દર વર્ષે પૂજ્ય મોરારિબાપુ દ્વારા રાજયના શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષકોને ચિત્રકૂટ એવોર્ડથી સન્માનવામાં આવે છે. જેમાં વર્ષ-૨૦૨૨ માટે ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા દરેક જિલ્લામાંથી ૧-૧ શ્રેષ્ઠ શિક્ષકને ચિત્રકૂટ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવેલ. જે પૈકી મોરબી જિલ્લામાંથી ટંકારા તાલુકાની હરબટીયાળી પ્રાથમિક શાળાના શિક્ષિકા શ્રીમતી ગીતાબેન મનસુખલાલ સાંચલા ની પસંદગી કરવામાં આવી હતી.

ખાસ આનંદની વાત એ હતી કે મોરબી જિલ્લામાં પ્રથમ વખત મહિલા શિક્ષકની આ એવોર્ડ માટે પસંદગી થઈ હતી.

તારીખ ૧૮/૦૧/૨૦૨૩ ના રોજ તલગાજરડા મુકામે પૂજ્ય મોરારિબાપુ ના હસ્તે સાંચલા ગીતાબેન મનસુખલાલ ને ચિત્રકૂટ એવોર્ડ આપવામાં આવ્યો.આ એવોર્ડ મેળવી ગીતાબેન સાંચલાએ ટંકારા તાલુકાનું , હરબટીયાળી ગામનું તેમજ દરજી સમાજ નું નામ રોશન કર્યું હતું.

આ તકે મોરબી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ઘનશ્યામભાઈ દેથરિયા ,મહામંત્રી દિનેશભાઈ હુંબલ,તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ કલ્પેશભાઈ ફેફર,મહામંત્રી વિરમભાઈ દેસાઈ, સીઆરસી કો ઓર્ડીનેટર કૌશિકભાઈ ઢેઢી તેમજ હરબટીયાળી સ્કૂલના આચાર્ય મગનભાઈ ઉજરિયા અને શાળા ના સ્ટાફ ગણ તેમજ તમામ શિક્ષક ભાઈઓ બહેનો એ ગીતાબેન ને શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત હરબટીયાળી ગામના સરપંચ દેવરાજભાઈ સંઘાણી, ગામના આગેવાનો, વડીલો ભાઈઓ,બહેનો અને વિદ્યાર્થીઓએ શુભકામનાઓ પાઠવી હતી.અને ગામનું નામ રોશન થયું એ બાબતનું ગૌરવ લીધું હતું. આ તકે સાંચલા ગીતાબેન તેમજ તેમના પરિવારે બધાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પોલીસ સમાચાર

### રાજકોટમાં ટી.આર.બી. જવાનને હાર્ટ એટેકથી મોત

રાજકોટ,

રાજકોટના ગંજીવાડા શેરી નં.૫માં રહેતા અનીલભાઇ હમીરભાઇ સાગઠીયા (ઉ.વ.૩૨) આજે સવારે ૯ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો ઉપડતા બેભાન થઇ ગયા હતા. જેમને તાત્કાલીક સારવારમાં સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ચાલુ સારવારે તેમને એટેક આવી જતા મોત નિપજયું હતું. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમમાં ખસેડાયો હતો. વધુમાં મૃતક છેલ્લા દસ વર્ષથી ટ્રાફિક વોર્ડ તરીકે ફરજ બજાવતો હતો. તેમજ તે ત્રણ ભાઈમાં વચેટ અને સંતાનમાં બે પુત્ર છે. સવારે છાતીમાં દુઃખાવો ઉપડયા બાદ તેનું મોત નિપજતા પરીવારમાં આક્રંદ છવાયો હતો.

### આટકોટના મોટા દડવા ગામના બુટલેગરને હદપાર કરાયો



આટકોટ,

આટકોટ પોલીસે મોટા દડવાના બુટલેગરને શહેર-જીલ્લામાંથી ત્રણ માસ માટે હદપાર કરેલ છે.

આટકોટ પંથકમાં પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા બુટલેગર વિનુ ઉર્ફે વિલાસ રામજીભાઇ જાદવ રે. મોટા દડવાને રાજકોટ શહેર અને જીલ્લામાંથી ત્રણ માસ માટે હદપારની દરખાસ્ત આટકોટના પીએસઆઇ જે. એચ. સિસોદીયાએ ગોંડલ સબ ડીવીઝન મેજીસ્ટ્રેમટને કરતા આ દરખાસ્તદ મંજુર થતા આટકોટ પોલીસે આ હુકમની બજવણી કરી વિનુને હદપાર કર્યો હતો.

### રાજકોટ સેન્ટ્રલ જેલમાંથી પેરોલ જમ્પ કરી નાસતો ફરતો કેદી ઝડપાયો

રાજકોટ,

સેન્ટ્રલ જેલમાંથી પેરોલ જમ્પ કરી નાસતો ફરતો પાકા કામના કેદીને ક્રાઇમ બ્રાન્ચની ટીમે મોરબી રોડ પરથી ઝડપી લીધો હતો.પ્રાપ્ત વિગત અનુસાર, ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એલ.એલ.ચાવડાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે રાજકોટ સેન્ટ્રલ જેલમાંથી પેરોલ જમ્પ કરી ફરાર થયેલ પાકા કામનો કેદી મોરબી રોડ પર સીટી સ્ટેશન પાસે હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે પીએસઆઈ એન.ડી.ડામોર અને એએસઆઈ ફિરોજ શેખ સહિતના સ્ટાફે મોરબી રોડ પરથી કેદી યુસુફ ઉર્ફે અંગો ગુલાબ મેમાણી (ઉ.વ.૫૨),(રહે. ચામડિયાપરા, મોરબી રોડ) ને દબોચી સેન્ટ્રલ જેલમાં ધકેલવા તજવીજ હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે, કેદી વર્ષ ૧૯૯૮ માં થયેલ હત્યાના ગુનામાં સજા કાપી રહ્યો હતો.

### લોધિકા દારૂના ગુનામાં એક માસથી ફરાર આરોપી પકડાયો



રાજકોટ,

લોધીકા પોલીસ મથકના દારૂના ગુનામાં એક માસથી ફરાર શેરખાન ઉર્ફે શેટીયાને ભકિતનગર પોલીસે એકતાનગરમાંથી દબોચી લીધો હતો.પ્રાપ્ત વિગત અનુસાર, ભકિતનગર પોલીસ મથકના પી.આઈ.એન.એન.સરવૈયાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતો. ત્યારે લોધીકા પોલીસ મથકના દારૂના ગુનામાં એક માસથી ફરાર શખ્સ એકતાકોલોનીના ઢાળીયા પાસે હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે પી.એસ.આઈ.એચ.એન.રાયજાદા કોન્સ્ટેબલ મનીષભાઈ ચાવડા અને વિશાલભાઈએ બાતમીના સ્થળેથી ફરાર આરોપી શેરખાન ઉર્ફે શેડીયો બહાદુરખાન કાબુલ (ઉ.વ.૨૯) (રહે. જંગલેશ્ર્વર શેરી નં.૩)ને દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગઈ તા.૧૨/૧૨ના હરીપર પાસેથી કારમાંથી લોધીકા પોલીસે દારૂની ૧૨૦ બોટલ સાથે રૂ?.૧.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે શેરખાન ઉર્ફે શેડીયો નાસી છુટયો હતો.

# રાજકોટ વેલનાથપરામાં પુત્રવધુને તેડવા આવેલા સસરા પર વેવાઈનો છરીથી હુમલો

રાજકોટ,

રાજકોટ વેલનાથપરામાં પુત્રવધુને તેડવા ગયેલા સસરા પર વેવાઈ સહિત ત્રણ શખ્સોએ છરીથી હુમલો કરતાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગેની વિગત અનુસાર, સંતકબીર રોડ પર આંબાવાડી ૨ માં રહેતાં રમેશભાઈ રૂપભાઈ જખણીયા (ઉ.વ.૩૫) ની પુત્રવધૂને તેના વેવાઈ તેડી ગયેલ હતા. જેમને પરત લઈ જવા માટે તેના વેવાઈ ધનજીભાઈએ ફોન કરી બોલાવ્યા હતાં.

જેથી ગતરોજ સાંજે રમેશભાઈ પુત્રવધૂને લેવા માટે વેલનાથપરામાં રહેતાં વેવાઈને ઘરે પહોંચ્યા હતાં. જ્યાં પહેલેથી હાજર ધનજી તેનો ભાઈ ગોવિંદ અને તેના પુત્ર અજયએ ઝઘડો કરી છરીના ઘા ઝીંકી દીધા હતાં. જેમને તાત્કાલિક સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્તનું નિવેદન નોંધી તપાસ હાથ ધરી હતી.

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાસતાક પર્વની પૂર્વ સંધ્યા પ્લેબેક સિંગર દર્શન રાવલ પ્રસ્તુત "સુનહરી સાંજ" યોજાશે

રાજકોટ,

મેયર ડૉ.પ્રદિપ ડવ, ડે.મેયર અને ધારાસભ્ય ડૉ.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશ્નર અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, સમાજ કલ્યાણ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નગરજનોને પ્રાથમિક સુવિધા, અનેકવિધ વિકાસના પ્રોજેક્ટો વગેરેની સાથોસાથ સ્પોર્ટસ એક્ટીવીટી, સાઈક્લોથોન, ફ્લાવર શો, આતશબાજી ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. દર વર્ષે રાષ્ટ્રીય પર્વ, ગુજરાત રાજયના સ્થાપના દિવસ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના સ્થાપના દિન તથા હોળી ધુળેટી પર્વએ સંગીત સંધ્યા, હિન્દી હાસ્ય કવિ સમેલન વગેરે જેવા કાર્યક્રમો રાખવામાં આવે છે.

આગામી ૨૬ જાન્યુઆરી પ્રજાસતાક પર્વની પૂર્વ સંધ્યા તા.૨૫/૦૧/૨૦૨૩ના રોજ સુપ્રસિદ્ધ સિંગર દર્શન રાવલ પ્રસ્તુત "સુનહરી સાંજ" (સંગીત સંધ્યા) યોજવામાં આવેલ છે.

# રાજકોટ જિલ્લામાં ૪૨ એમ્બ્યુલન્સ દ્વારા ૭ લાખ જેટલા દર્દીઓને મળ્યો ઓન કોલ સેવાનો લાભ

## અતિ ગંભીર સ્થિતિમાં ૬૬ હજાર દર્દીઓને નવજીવન બક્ષતી ૧૦૮ ઈમર્જન્સી સેવા

રાજકોટ,

ગંભીર અકસ્માત, હ્રદય કે ફેફસા સંબંધી તકલીફ હોય કે પ્રસુતિની પીડાની અતિ ગંભીર સ્થિતિ-જયારે પણ દર્દીને જરૂર પડે ત્યારે પહેલો કોલ ૧૦૮ ને જતો હોય છે. દર્દીને જીવના જોખમના સમયે પ્રાથમિક સારવાર સહિત હોસ્પિટલ સુધી પહોંચાડવાની ૧૦૮ ની નિઃશુલ્ક સેવા ઓન કોલ હાજર હોય છે.

રાજકોટ જિલ્લામાં ગત ડિસેમ્બર માસમાં ૬૦૬ સહિત વર્ષ ૨૦૦૮ થી અત્યાર સુધીમાં લાઈફ થ્રેટનીંગ કેસમાં ૬૬ હજારથી વધુ માનવ જિંદગી આ સેવા થકી બચાવી હોવાનું ૧૦૮ ના પ્રોગ્રામ મેનેજરશ્રી અભિષેક ઠાકર જણાવે છે.

રાજકોટ જિલ્લામાં હાલ ૪૨ એમ્બ્યુલન્સ કાર્યરત છે. આ સેવાનો હાલ સુધીમાં ૬,૯૭,૦૫૩ લોકોએ લાભ મેળવ્યો છે. ગત માસમાં ૫૮૧૪ લોકોને ૧૦૮ ના માધ્યમથી વિવિધ આરોગ્યલક્ષી ઈમરજન્સી સેવાનો લાભ આપવામાં આવ્યો હોવાનું શ્રી ઠાકર જણાવે છે.

ખાસ કરીને રોડ અકસ્માતના સમયે લોકો ૧૦૮ ને જ પહેલાં જાણ કરવાનું પસંદ કરે છે. આ ઉપરાંત પ્રસુતિના, શિયાળામાં ખાસ કરીને વયોવૃદ્ધ લોકોને હ્રદય અને ફેફસાને લગતા તમામ પ્રકારના કેઈસમાં દર્દીની જીવન-મરણ વચ્ચેની પરિસ્થિતિમાં ૧૦૮ની મેડિકલ સુવિધા અનેક લોકોની જિંદગી બચી હોવાનું પ્રોજેક્ટ મેનેજર શ્રી વિરલ ભટ્ટે જણાવ્યું છે. ગત માસમાં પ્રસુતિના ૧૭૪૨ સહિત કુલ ૧,૯૨,૯૦૮ કેઈસ, ગંભીર અકસ્માતના ૭૬૭ સહીત કુલ ૧,૦૩,૨૧૭ કેઈસ, હ્રદય સંબંધી ૩૫૫ સહિત કુલ ૪૫,૬૬૯ કેઈસ અને શ્વસનને લગતા ૩૬૬ સહિત ૩૫,૮૨૭ કેઈસમાં દર્દીને સારવાર સહિતની સેવાનો લાભ આપવામાં આવ્યો છે.

# રાજકોટ જિલ્લાના ૯ વ્યક્તિઓનું પ્રશસ્તિપત્રથી કરાયું સન્માન



રાજકોટ,

સમયસૂચકતા સાથે માર્ગ અકસ્માતમાં ઘવાયેલા વ્યક્તિઓને તુરંત સહાયભૂત અને "ગોલ્ડન અવર"માં હોસ્પિટલ/ટ્રોમા કેર સેન્ટરમાં સારવાર માટે પહોંચાડનાર વ્યક્તિને સન્માનિત કરવાના હેતુથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા.૧૫ ઓકટોબર, ૨૦૨૧ થી ૧૦૦ ટકા કેન્દ્રીય પુરસ્કૃત "ગુડ સમરિટન એવોર્ડ" યોજના અમલી બનાવવામાં આવી છે. જે અન્વયે રાજયભરમાં મુખ્યંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે આજરોજ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી "ગુડ સમરિટન એવોર્ડ" યોજનાને રી-લૉન્ચ કરવામાં આવી હતી. સાથોસાથ ગુજરાત રોડ સેફટી ઓથોરિટીની વેબસાઈટને પણ લોન્ચ કરવામાં આવી હતી. આ વીડિયો કોન્ફરન્સમાં રાજકોટ ખાતેથી મેયરશ્રી પ્રદીપભાઈ ડવ, ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ અને જિલ્લા કલેકટરશ્રી અરુણ મહેશ બાબુ ઓનલાઈન જોડાયા હતા.

આ પ્રસંગે મેયરશ્રી પ્રદીપભાઈ ડવે જણાવ્યું હતું કે, માનવ જીવનને બચાવવા માટે શિક્ષણ વિભાગને સાંકળીને "ગુડ સમરિટન એવોર્ડ" યોજના અને રોડ સેફ્ટી - માર્ગ અકસ્માત સંદર્ભે બાળકો અને યુવાનોને જાગૃત કરવા ખૂબ જરૂરી છે. મ્યુનિસિપલ શાળાઓમાં પણ માર્ગ અકસ્માત સંદર્ભે જાગૃતિસભર કાર્યક્રમો કરવામાં આવે છે પરંતુ વધુને વધુ લોકોમાં જાગૃતતા આવે તેવા પ્રયાસો કરવામાં આવશે. જનતા પણ વહીવટી તંત્રને અકસ્માત નિવારવા માટેના સારા ઉપાયો જણાવી શકે છે તેમ ઉમેરીને મેયરશ્રીએ પોલીસ વિભાગ, ટ્રાફિક વિભાગ અને આર. ટી. ઓ કચેરીને પણ રોડ સેફ્ટી સંદર્ભે ખૂબ સારી કામગીરી કરવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.


ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહે કહ્યું હતું કે, લોકોના જીવ બચાવવાનું કામ પુણ્યનું કામ છે અને સરકારશ્રીની "ગુડ સમરિટન એવોર્ડ" યોજનાની જાણકારી જનમાનસ સુધી પહોંચે તે રીતે પોલીસ વિભાગ, ટ્રાફિક વિભાગ અને આર. ટી.ઓ કચેરીને કામગીરી કરવા પ્રેરણા આપી હતી. લોકો કાયદાકીય ભય રાખ્યા વિના સંવેદના રાખીને માર્ગ અકસ્માતમાં ઘવાયેલા લોકોની મદદ કરવા આગળ આવે તેવું વાતાવરણ રાજકોટ જિલ્લામાં બનાવવા માટેના સ્તુત્ય પ્રયાસો કરવામાં આવશે, તેમ પણ તેમણે જણાવ્યું હતું. સાથો સાથ રોડ સેફ્ટી અવરનેસ અંગે મહતમ લોકોના જીવ બચાવવા માટે અન્યને પ્રેરણા આપવા માટે સોશિયલ મીડિયાના પ્લેટફોર્મનો સચોટ ઉપયોગ કરવા પર શ્રી દર્શિતાબેને ભાર મૂક્યો હતો. કલેકટરશ્રીએ લોકોને કાયદાના ભય વગર અકસ્માતમાં ઘવાયેલા લોકોને મદદ કરવા આગળ આવવા અપીલ કરી હતી. અકસ્માતોના કિસ્સામાં મદદ કરનાર વ્યક્તિને રાજકોટ વહીવટી તંત્ર તરફથી કોઈપણ પ્રકારની કાયદાકીય હેરાનગતિ નહી થાય, તેવી ખાત્રી કલેકટરશ્રીએ આપી હતી.

આ અવસરે માર્ગ અકસ્માતમાં ઘવાયેલા લોકોને સમયસૂચકતા સાથે હોસ્પિટલ પહોંચાડીને જીવ બચાવનાર રાજકોટ જિલ્લાના સામાજિક કાર્યકર દિનેશભાઈ માધડ, હરેશભાઈ પરમાર, રાજકોટ ગ્રામ્યના પોલીસ સબ ઈન્સપેક્ટર ભદ્રરાજસિંહ લાલુભા ઝાલા, પડધરી પોલીસ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ જાડેજા, હમિદબીન સલીમબીન આરવ, ધોરાજી પોલીસ હેડ કોન્સ્ટેબલ નાસીરભાઇ ચૌહાણ, ૧૦૮ના ઈ.એમ. ટી પિયુષ ધોળકિયા, પાયલોટ વિપુલ અગ્રાવત, કોલર સંજયભાઈ પોપટ સહિત કુલ ૯ લોકોને "ગુડ સમરિટન" પ્રશસ્તિપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મેયરશ્રી ડવ, ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ અને કલેકટરશ્રી અરુણ મહેશ બાબુએ ૯ વ્યક્તિઓને શુભેચ્છાઓ આપીને આ ઉમદા કાર્ય કરતા રહીને અન્યને પ્રેરણા આપવા અપીલ કરતી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

# ડિઝાઇન મ્યુઝિયમ ધ ઓફબીટ સાડી ફેશન શોનું લંડનમાં આયોજન

## ભારતની ૯૦ ડિઝાઇનની સાડીઓ, રેડી ટુ વેર અને સ્ટીલના દોરાવાળી સાડીઓ પણ રહેશે



લંડન,
ભારતીય સાડીઓ યુરોપિયન ફેશન ઈન્ડસ્ટ્રીઝમાં ધૂમ મચાવી રહી છે. સાડીઓની વધતી ફેશનને ધ્યાનમાં લઇને ૧૯મી મેના દિવસે બ્રિટનની રાજધાની લંડનમાં આયોજિત ફેશન શો 'ધ ઓફબીટ સાડી'માં મોડલ સાડીઓમાં રેમ્પ વોક કરશે. આ શો મારફતે દુનિયા સાડીઓની નવી ફેશનથી વાકેફ થશે. હાલમાં જે સાડી ટ્રેન્ડમાં છે તે સાડીઓથી પણ લોકો વાકેફ થશે.આ શોનું આયોજન મ્યુઝિયમ આયોજિત કરે છે. આ પોતાની રીતના ખાસ ફેશન શો તરીકે છે. સાથે સાથે સૌથી મોટા ફેશન શો તરીકે પણ રહેશે. આ શોમાં ભારતમાંથી ૯૦ પ્રકારની સાડીઓ રજૂ કરાશે. જેમાં લોકપ્રિય ફેશન સ્ટુડિયોથી લઈને નવા ફેશન ડિઝાઈનર્સ પણ ભાગ લેશે. તેમાં એવી સાડીઓ પણ રહેશે જે મેટ ગાલા ફેશન શોમાં પ્રથમ વખત પહેરવામાં આવી હતી. લેડી ગાગા જે સાડી પહેરી ચૂકી છે તે સાડી પણ રજૂ કરાશે. આ સાડી લેડી ગાગાએ ૨૦૧૦માં પહેરી હતી.

આ સાડી ફેશન ડિઝાઈનર તરુણ તહલિયાની દ્વારા તૈયાર કરાઇ હતી. આ શોમાં અબુ જાની અને સંદીપ ખોસલા દ્વારા તૈયાર કરવામાં આવેલી એ જાળીદાર સાડી પણ રહેશે જે ૨૦૨૨માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં દીપિકા દ્વારા પહેરવામાં આવી હતી. હકીકતમાં આજની યુવા પેઢી સાડીને ખૂબ પસંદ કરે છે. આ હવે પારંપરિક વેશભૂષા તરીકે રહી નથી. હવે દુનિયાભરમાં સાડીઓને યુવતીઓ અને મહિલાઓ ખૂબ પસંદ કરી રહી છે. સાડીઓને નવી નવી સ્ટાઈલથી પહેરવામાં આવે છે.

ફેસ્ટિવલના આયોજકોએ દૈનિક ભાસ્કરને કહ્યું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સાડીનું સ્વરૂપ બદલાયું છે. સાડી ગાઉનથી લઈને રેડી ટુ વેર સાડી સુધી બજારમાં પહોંચી ગઇ છે. હવે તો સ્ટીલના દોરા વડે બનેલી સાડીઓ પણ બજારમાં આવવા લાગી છે. હવે ડિઝાઈનર સાડીઓના દોરા પર પણ ખૂબ પ્રયોગ થઈ રહ્યા છે. શોનાં ક્યુરેટર પ્રિયા ખાનચંદાની કહે છે કે પાંચ હજાર વર્ષ જૂની સાડીઓ પર ઈતિહાસમાં સૌથી વધારે પ્રયોગ થઈ રહ્યા છે. આ ફેસ્ટિવલથી ભારતીય સાડીઓની ડિઝાઇનની વૈશ્વિક ઓળખ ઊભી થશે.હવે સાડી પહેરવાના તરીકા બદલાઇ રહ્યા છે.

### દેરાસર ગામમાં આ વિચિત્ર પ્રથા ચાલી રહી છે

# પત્ની ગર્ભવતી થતાં જ પતિ કરી લે છે બીજા લગ્ન

## પત્નીને પણ પતિના બીજા લગ્નમાં કોઈ વાંધો નથી, તમામ પક્ષકારોની સંમતિથી વ્યક્તિ બીજી વાર લગ્ન કરે છે

નવી દિલ્હી,
તમામ પ્રકારની વિવિધતાઓ હોવા છતાં, ભારતમાં લગ્નના બંધનને અતૂટ અને પવિત્ર માનવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે રાજસ્થાનમાં પહેલી પત્ની જીવતી હોય ત્યારે પણ પતિને ફરીથી લગ્ન કરવાની છૂટ છે. હા! તમે સાચું સાંભળ્યું. પત્નીને પણ પતિના બીજા લગ્નમાં કોઈ વાંધો નથી. તમામ પક્ષકારોની સંમતિથી વ્યક્તિ બીજી વાર લગ્ન કરે છે. રાજસ્થાનના બાડમેર જિલ્લામાં એક ગામ છે, જ્યાં પત્ની ગર્ભવતી થતાં જ પતિને ફરીથી લગ્ન કરવાનું લાયસન્સ મળી જાય છે. આ ગામનું નામ દેરાસર છે. આ ગામ બાડમેરના રણ વિસ્તારમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલું છે. દેરાસર ગામમાં સદીઓથી આ વિચિત્ર પ્રથા ચાલી રહી છે. આ ગામમાં, જ્યારે કોઈ પરિણીત પુરુષની પત્ની ગર્ભવતી બને છે, ત્યારે તે વ્યક્તિ તરત જ ફરીથી લગ્ન કરી લે છે. નવાઈની વાત એ છે કે પત્ની કે તેના પરિવારને પતિના બીજા લગ્ન સામે કોઈ વાંધો નથી. આ પ્રથા હજુ પણ લોકો માટે આશ્ચર્યનો વિષય છે. હવે તમે વિચારતા જ હશો કે શું કારણ છે કે પત્ની પ્રેગ્નન્ટ થતાં જ પતિ બીજા લગ્ન કરી લે છે. વાસ્તવમાં બાડમેર જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર રણ વિસ્તાર છે. અહીના છેવાડાના ગામડાઓમાં પાણીની ભારે તંગી છે. ઉનાળામાં અહીંની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ જાય છે. દેરાસર ગામમાં સામાન્ય રીતે માત્ર મહિલાઓ જ પાણી લાવવાનું કામ કરે છે.

# 2022માં મુંબઈમાં એકંદરે ગુનાખોરીમાં 9 ટકાનો વધારો




## જ્યારે તપાસનો દર ૧૪ ટકા ઘટ્યો: પોલીસ

મુંબઈ,
૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૨માં શહેરમાં એકંદરે ગુનાના ગ્રાફમાં ૯ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે ગુના શોધવાનો દર ૧૪ ટકા ઘટ્યો હતો. સાઈબર ક્રાઈમના કેસોની નબળી તપાસને કારણે ૨૦૨૨માં સમગ્ર મુંબઈમાં ગુના શોધવાનો દર ઓછો થયો હતો. કોવિડ-૧૯ રોગચાળા પછી, ૨૦૨૧માં નોંધાયેલા આવા ૪૫૩૪ કેસોની સરખામણીમાં ચોરીના કેસોની સંખ્યા ત્રણ ગણી વધીને ૧૪,૮૧૮ થઇ ગઇ છે. એકંદરે સ્ટ્રીટ ક્રાઈમમાં ૨૦૨૨માં ૧૦૦ ટકાનો વધારો નોંધાયો છે, જેમાં ચોરી, હુમલો, વિનયભંગ, લૂંટ અને ચેઈનસ્નેચિંગનો સમાવેશ થાય છે. ગુનાની એકંદર તપાસ ૨૦૨૨માં ૧૪ ટકા ઘટીને ૬૮ ટકા થઇ છે, જે ૨૦૨૧માં ૮૨ ટકા હતી.૨૦૨૨માં મુંબઈમાં એકંદર ગુનામાં ૯ ટકાનો વધારો થયો છે, જે મુખ્યત્વે ચોરી, હુમલો ચેઈનસ્નેચિંગ, લૂંટ અને છેડતી જેવા સ્ટ્રીટ ક્રાઈમની તાત્કાલિક નોંધણીને કારણે છે.દરમિયાન લૂંટ, બળાત્કાર અને છેડતી જેવા ગુનાઓની સંખ્યામાં નજીવો વધારો થયો છે, પરંતુ એ જ સમયે ૨૦૨૨માં હત્યા, ઘરફોડી અને રમખાણો જેવા ગુનાઓમાં ઘટાડો થયો છે. જોકે ગંભીર ગુનાઓની નોંધણીમાં નજીવો વધારો જોવા મળ્યો હતો, એવું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.મુંબઈમાં બળાત્કારના કેસોની સંખ્યા ૨૦૨૧માં ૮૮૮થી વધીને ૨૦૨૨માં ૯૮૪ થઇ છે. છેડતીના ગુનાઓ પણ ૨૦૨૧માં ૨૦૭૬થી વધીને ૨૦૨૨માં ૨૩૪૭ થયા હતા. અન્ય કેસોમાં દહેજ સંબંધિત કેસોની સંખ્યામાં નજીવો વધારો જોવા મળ્યો હતો, એવું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

# કોંગોમાં સામૂહિક કબરોમાંથી મળ્યા ૪૯ મૃતદેહો ૬ બાળકોને પણ દફનાવાયા હતા

કોંગો,
મધ્ય આફ્રિકન દેશ કોંગોમાં સપ્તાહના અંતમાં શ્રેણીબદ્ધ હુમલા બાદ ૪૯ નાગરિકોના મૃતદેહ ધરાવતી સામૂહિક કબરો મળી આવી છે. સંયુક્ત રાષ્ટ્રે આ માહિતી આપી છે. આ હુમલાઓ માટે સ્થાનિક મિલિશિયાને જવાબદાર ગણવામાં આવે છે. યુએનના ડેપ્યુટી પ્રવક્તા ફરહાન હકે બુધવારે ન્યૂયોર્કમાં પત્રકારોને જણાવ્યું હતું કે ઈતુરી પ્રાંતના બે ગામોમાં આ કબરો મળી આવી છે. બુનિયા શહેરથી ઈતુરી પ્રાંત લગભગ ૩૦ કિલોમીટર દૂર છે.

ફરહાન હકના જણાવ્યા અનુસાર, ન્યામ્બા ગામમાં એક સામૂહિક કબરમાંથી છ બાળકો સહિત કુલ ૪૨ મૃતદેહો મળી આવ્યા હતા, જ્યારે સ્ર્લ્પ્ક્ષૈ નામના અન્ય ગામમાં સાત અન્ય પુરુષોના મૃતદેહ મળી આવ્યા હતા. યુએનના ડેપ્યુટી પ્રવક્તાએ ન્યૂયોર્કમાં જણાવ્યું હતું કે સપ્તાહના અંતે



કોડેકો મિલિશિયા દ્વારા નાગરિકો પર હુમલાના અહેવાલો મળતાં જ શાંતિ રક્ષકોએ આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવાનું શરૂ કર્યું હતું. આ હુમલા ત્યારે થયા છે જ્યારે સામૂહિક કબરો મળી આવી છે.

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે કે ગામડાઓ પર હુમલા દરમિયાન આતંકવાદીઓએ ઘણી મહિલાઓનું અપહરણ પણ કર્યું હતું. ગયા જૂનમાં સાત કોડેકો જૂથોએ ઈતુરીમાં નાગરિકો સામે હિંસાનો અંત લાવવાની જાહેરાત કરી હતી, મુખ્યત્વે ઝુગુ પ્રદેશમાં જ્યાં તેઓ ખૂબ જ સક્રિય હતા. તેમ છતાં તેઓએ ધીમે ધીમે આ વિસ્તારમાં હુમલા શરૂ કરી દીધા છે. કોડેકો મિલિશિયા અને અન્ય સશસ્ત્ર જૂથો દ્વારા હુમલાઓની શ્રેણીમાં ડિસેમ્બરથી ઓછામાં ઓછા ૧૯૫ લોકો માર્યા ગયા છે, યુએનએ જણાવ્યું હતું. ઈતુરી પ્રાંતમાં સંઘર્ષને કારણે ૧.૫ મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

કોડેકો એ કોંગોના સંઘર્ષગ્રસ્ત પૂર્વમાં કાર્યરત કેટલાક લશ્કરોમાંનું એક છે અને તેના લડવૈયાઓ મુખ્યત્વે લેંદુ ખેતી સમુદાયમાંથી છે. લેંદુ સમુદાય લાંબા સમયથી હેમા પશુપાલકો સાથે સંઘર્ષમાં છે, અને સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે કે કોડેકો આતંકવાદીઓએ ગામડાઓ પરના તાજેતરના હુમલા દરમિયાન ઘણી સ્ત્રીઓનું અપહરણ કર્યું છે. યુએનએ કહ્યું છે કે આ મહિને જૂથો વચ્ચે સંઘર્ષ ભડક્યો છે.



# શાહરુખ ખાને કર્યા કો-સ્ટાર દીપિકા પાદુકોણના વખાણ

મુંબઈ,
શાહરુખ ખાન, દીપિકા પાદુકોણ અને જૉન અબ્રાહમ સ્ટારર ફિલ્મ પઠાણ ગણતરીના દિવસોમાં રીલિઝ થવાની છે. ફિલ્મના ગીત બેશરમ રંગ પર ખૂબ જ વિવાદ થયો હતો. હજી પણ ફિલ્મનો બહિષ્કાર કરવાની માંગ ઉઠી રહી છે. લોકો ગીત સિવાય વિવિધ કારણોસર શાહરુખ ખાનનો પણ વિરોધ કરી રહ્યા છે. ગુજરાતમાં પણ ફિલ્મની રીલિઝ પર પ્રતિબંધ મૂકવાની અમુક ધાર્મિક સંગઠનોએ માંગ કરી છે. પરંતુ અત્યાર સુધી ફિલ્મના મેકર્સ અથવા શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણે આ બાબતે કોઈ જ ટિપ્પણી નથી કરી. શાહરુખ ખાન ચોક્કસપણે બેશરમ રંગ ગીતના વિવાદ પર કંઈ નથી બોલ્યો, પરંતુ તેણે આ ગીતને લગતો અનુભવ તાજેતરમાં શેર કર્યો છે.

યશરાજ ફિલ્મ્સે શાહરુખ ખાનનો પઠાણને લગતો એક ઈન્ટર્વ્યુ શેર કર્યો છે. અહીં કિંગ ખાન એક પછી એક સવાલોના જવાબ આપી રહ્યો છે. તે પોતાના કો-સ્ટાર જૉન અબ્રાહમ અને દીપિકા પાદુકોણ વિશે પણ ખુલીને વાત કરે છે. ઈન્ટર્વ્યુમાં તેને બેશરમ રંગ વિશે પણ પૂછવામાં આવે છે. પ્રશ્ન હતો કે, બેશરમ રંગ ગીતનું શૂટિંગ સ્પેનમાં કરવામાં આવ્યુ હતું, તો તમારો શૂટિંગનો અનુભવ કેવો રહ્યો હતો?

શાહરુખ ખાને આ પ્રશ્નના ઉત્તરમાં દીપિકા પાદુકોણના વખાણ કર્યા હતા. તેણે જણાવ્યું કે, દીપિકા શાનદાર છે. તેણે એક્શન સિક્વન્સ પણ જબરદસ્ત કરીછે. બેશરમ રંગ ગીત માટે દીપિકા જેવી જ કોઈ જોઈતી હતી. જેની હાઈટ પણ વધારે હોય. જ્યારે તમે ફિલ્મ જોશો તો તમને સમજાશે.

# સાઉથ આફ્રિકાના સ્ટાર ખેલાડી હાશિમ અમલાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કહી અલવિદા




નવીદિલ્હી,
સાઉથ આફ્રિકાના સ્ટાર ખેલાડી હાશિમ અમલાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. ૩૯ વર્ષીય અમલાએ કહ્યું કે, હું તમામ ખેલાડીઓ અને ટીમના સભ્યોનો આભાર વ્યક્ત કરું છું જેમણે મને અત્યાર સુધી સહકાર આપ્યો છે. સાથે જ ટીમને શુભકામનાઓ પાઠવું છું કે તેઓ બહુ બધી ઉપલબ્ધીઓ હાંસલ કરે. આમલા દક્ષિણ આફ્રિકા માટે સૌથી વધુ ટેસ્ટ રન બનાવનારો બીજો બેટર છે.

અમલાએ ૧૨૪ ટેસ્ટમાં ૪૬.૬૪ની સરેરાશથી ૯૨૮૨ રન બનાવ્યા છે. તે જેક્સ કેલિસના ૧૩૨૦૬ રન બાદ બીજા ક્રમે છે. અમલાએ ૨૦૦૪થી ૨૦૧૯ સુધી આફ્રિકા માટે તમામ ફોર્મેટમાં ૧૮૬૭૨ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે વન-ડેમાં ૨૭ સદી બનાવી છે. આ રેકોર્ડને અત્યાર સુધી આફ્રિકાનો કોઈ બેટર તોડી શક્યો નથી. તે આઈપીએલમાં કિંગ્સ ઈલેવન પંજાબ વતી રમી ચૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૨માં ધ ઓવલમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ અમલાએ ૩૧૧ રનની ઈનિંગ રમી હતી. આ દક્ષિણ આફ્રિકાના કોઈ બેટર દ્વારા બનાવવામાં આવેલો સર્વોચ્ચ સ્કોર છે. તે સરે ટીમનો હિસ્સો હતો જેણે ૨૦૨૨માં કાઉન્ટી ચેમ્પિયનશિપ જીતી હતી. અમલાએ ૧૮૧ વન-ડે આંતરરાષ્ટ્રીય મેચમાં ૪૯.૪૬ની સરેરાથી ૮૧૧૩ રન બનાવ્યા છે. જ્યારે ૪૪ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ૩૩.૬૦ની સરેરાશથી ૧૨૭૭ રન બનાવ્યા છે.

# ગિલને જોઇને સ્ટેડિયમમાં સારા-સારાના નારા લાગ્યા




## શુભમન ગિલનું નામ બોલવાને બદલે સ્ટેડિયમમાં બેઠેલા ચાહકોએ ક્રિકેટરને સામે જોઈને સારા-સારા બોલવાનું શરૂ કરી દીધું હતું

મુંબઈ,
શુભમન ગિલ આ દિવસોમાં ચર્ચામાં છે. અંગત જીવનમાં તેમજ ક્રિકેટના મેદાન પર ચોગ્ગા અને છગ્ગા ફટકારવા માટે પણ તે ઘણો ચર્ચામાં છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન પોતાની બેટિંગની સાથે સાથે ડેટિંગના સમાચારોને કારણે હેડલાઈન્સમાં રહે છે. ભારત-ન્યૂઝીલેન્ડ મેચમાં શાનદાર ઓપનિંગ કરીને ચાહકોના દિલ જીતી લીધા. શુભમનની બેવડી સદી ફટકારતો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, પરંતુ આ વીડિયો ન્યૂઝીલેન્ડની મેચનો નથી પરંતુ શ્રીલંકા સાથેની મેચનો છે. જેમાં શુભમન ગિલનું નામ બોલવાને બદલે સ્ટેડિયમમાં બેઠેલા ચાહકોએ ક્રિકેટરને સામે જોઈને 'સારા-સારા' બોલવાનું શરૂ કરી દીધું હતું. શુભમન ગિલનું નામ સારા અલી ખાન અને સારા તેંડુલકર બંને સાથે જોડાયેલું હોવાથી મૂંઝવણ છે. શુભમન ગિલનું નામ બે સુંદરીઓ સાથે જોડાયેલું છે અને સંયોગ જુઓ, બંનેનું નામ સારા છે. બેવડી સદી ફટકારનારા ક્રિકેટર આ દિવસોમાં સોશિયલ મીડિયા પર છવાયેલો છે. ક્રિકેટના મેદાનમાંથી શુભમનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં સ્ટેડિયમમાં બેઠેલા દર્શકો 'સારા-સારા' ના નારા લગાવી રહ્યા છે. આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે જેમ જ શુભમન ગિલ બોલ પાછળ દોડતા સ્ટેડિયમની બાઉન્ડ્રી સુધી પહોંચ્યો તો ત્યાં બેઠેલા પ્રેક્ષકો સારા-સારા કહેવા લાગ્યા. જો કે દર્શકોના આ સ્લોગન પર ક્રિકેટર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. હવે ચાહકો સારા અલી ખાન કે સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકરનું નામના નારા લગાવી રહ્યા છે, તેને લઈને મૂંઝવણ છે. શુભમન ગિલનું નામ સારા તેંડુલકર સાથે પણ જોડાયેલું છે અને તે ઘણી વખત સારા અલી ખાન સાથે જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે આ પહેલા શુભમન ગિલ વિશે સમાચાર આવ્યા હતા કે તે ક્રિકેટર સારા તેંડુલકરને ડેટ કરી રહ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સારા અલી ખાનનું નામ જોડાઈ રહ્યું છે. વર્ષની શરૂઆતમાં સારા અલી ખાન અને શુભમન જયપુર એરપોર્ટ પર સાથે જોવા મળ્યા હતા. એવી અટકળો પણ ચાલી રહી હતી કે બંનેએ નવું વર્ષ એકસાથે સેલિબ્રેટ કર્યું હતું.

# રાજકોટમાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને યુવા સંમેલન મળ્યું

## યુવાનોને પોતાનાં કૌશલ્યોનો રાષ્ટ્ર વિકાસમાં ઉપયોગ કરવા આહ્વાન





તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને રાજકોટની ઓમ કોલેજ ખાતે યુવા સંમેલન યોજાયું હતું. જેમા મંત્રી દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી યુવાનોનું ઘડતર અને રાષ્ટ્રવિકાસમાં યુવાનોની ભાગીદારી વિષય પર યુવાનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.શિક્ષણમંત્રી પાનશેરિયાએ યુવાનોન કૌશલ્યના ઉપયોગ કરી પોતાના સામર્થ્યને અનુરૂપ શિક્ષણની તિદ્વારા કેળવણી મેળવી રાષ્ટ્રવિકાસમા યોગદાન આપવા માટે હાકલ કરી હતી. સાથે જ યુવાનોને જીવનમાં હકારાત્મક રહી સંઘર્ષ સાથે આગળ વધવા માતે પણ મંત્રી એપ્રેરણા આપી હતી. મંત્રી એ યુવાનોને નિરાશાથી દૂર રહેવા, નિર્વ્યસની બનવા અને શ્રમના મંત્રને જીવનમા ઉતારવા માટ અપીલ કરી હતી.મંત્રીએગુરુકુળપરંપરા, ગાંધી વિચારધારાની લોકશાળાઓ વગેરે ભારતીય શિક્ષણપરંપરાના વારસાને નવીશિક્ષણની તિદ્વારા ફરી જાગૃત કરવામાં આવશે તેવા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નવી શિક્ષણ નીતિમાં ગીતાના પાઠસાથે વિજ્ઞાનના સમરસભાવ આગામી પેઢીને જ્ઞાન વિકસાવવામા શ્રેષ્ઠ પરિબળ પૂરું પાડશે તેમજણાવી, ટેકનોલોજીના સમજણ પૂર્વકના ઉપયોગ કરી જીવનમાસારી આદતોને કેળવી માત્ર ગોખણી યુજ્ઞાન નહીં પણ કૌશલ્ય વિકસાવીને રાષ્ટ્રનિર્માણના યજ્ઞમાં આહુતિ આપવાનો સંકલ્પ કરવા યુવાનોને જણાવ્યું હતું.

આતકે મેયર પ્રદીપડવએ યુવાનોન ઉર્જાવાન બનવા તથા સંસ્કાર અને યોગ્ય શિક્ષણ થકી ચરિત્ર્ય ઘડતર કરી સમાજમાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.આયુવા સંમેલનમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ પ્રશાંત કોરાટ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, અગ્રણીઓ સર્વ કિશનભાઈ, કિશોરભાઈ રાઠોડ તથા ઓમ કોલેજના સંચાલકો/ ટ્રસ્ટી ઓપરેશ રબારી, પરેશ હાપલિયા, કેતન ખટાણા, પરેશ લીંબાસીયા તેમજ બહોળી સંખ્યામા યુવાનો, બાળકો અને વાલીઆ ઉપસ્થિત રહ્યા હતા.

# સીટીલાઈફ

## મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા અને ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં યોજાનારૂં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનું સ્નેહમિલન

રાજકોટ તા. ૨૦
ાજયના પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં ૨૨ જાન્યુઆરીએ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું સ્નેહમિલન યોજાશે.

રાજ્યના વેપાર-ઉદ્યોગના સર્વશ્રેષ્ઠ સંગઠન પૈકીનું એક રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સભ્ય પરિવારનું પરંપરાગત વાર્ષિક સ્નેહમિલન તા.૨૨ જાન્યુઆરીના રોજ રોયલ-સેફ્રોન પાર્ટી પ્લોટ, સપ્તપદી પાર્ટી પ્લોટ પાછળ,કાલાવડ રોડ ખાતે સાંજે ૬ કલાકે યોજાશે. આ સ્નેહમિલનમાં રાજકોટના મેયરશ્રી ડો.પ્રદીપભાઈ ડવ, સંસદશ્રીઓ મોહનભાઈ કુંડારિયા,રામભાઈ મોકરિયા, ધારાસભ્યોશ્રી રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, ગીતાબા જાડેજા, જયેશભાઈ રાદડીયા મહેન્દ્રભાઈ પાડલીયા, પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સહિત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સભ્યો ઉપસ્થિત રહેશે.

## રાજકોટમાં ખવાસ રજપુત સમાજ દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

રાજકોટ,
દેશળદેવ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા વીર મેરાપણ પ્રિમિયર લીગ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે.આ ટુર્નામેન્ટ તા.૨૫મી જાન્યુઆરીએ રતનપર મોરબી હાઈવે ખાતે આવેલ રૂદ્રશકિત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. ટુર્નામેન્ટમાં સમસ્ત ખવાસ રજપૂત સમાજના યુવાનો માટે ઓપન સૌરાષ્ટ્ર/ગુજરાત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાનાર છે. જેને સફળ બનાવવા ટ્રસ્ટના સાવનભાઈ રાઠોડ, અશ્વિનભાઈ ચૌહાણ, સુનિલભાઈ પરમાર, પ્રતિકભાઈ બારડ, બીલનભાઈ ભટ્ટી, શૈલેષભાઈ ચૌહાણ, આનંદભાઈ મકવાણા, હિતેષભાઈ હાપા ધિ જહેમત ઉઠાવી રહ્યા છે.

## આટકોટના જીવાપરમાં સરદાર પટેલ સમાજ વાડીનું ખાતમુહુર્ત



આટકોટ,
આટકોટના જીવાપર ગામે સરદાર પટેલ સમાજ વાડીનું ખાતમુરત કરવામાં આવ્યુંા હતું જેમાં ગ્રામજનો તેમ જ દાતાઓ ઉપસ્થિવત રહ્યા હતા જીવાપર ના લોકોને હવે સમાજ વાડી નવી મળી રહેશેસરદાર પટેલ ભવન જીવાપર (સમાજ વાડી)નું ખાતમુહૂર્ત (ભૂમિપૂજન) કરેલ છે. ભૂમિદાતા -લાલજીભાઈ બચુભાઈ ચોથાણી છે.

## રાજકોટની સિસ્ટમર નિવેદીતા સ્કુલ દ્વારા છાત્રોના આરોગ્ય ની ચકાસણી કેમ્પ યોજાશે

રાજકોટ,
રાજકોટ સિસ્ટવર નિવેદીતા ફાઉન્ડે શનના સહયોગથી સંચાલિત સિસ્ટ ર નિવેદીતા સ્કુણલ ઓન વ્હીવલ્સબની પ્રવૃતિ દ્વારા યુથ વેલનેસ કેમ્પન યુવા પ્રગતિ, યુ.એસ.એના સહયોગથી આગામી તા.૨૮.૧ શનિવારથી તા.૧.૨ બુધવાર દરમિયાન નિવાસી શાળાઓ શ્રી જીવનજયોતિ શૈક્ષણિક સંકુલ, બોધરાવદર, તા.જસદણ, જિ.રાજકોટ, શ્રીએચ.ડી. ગાર્ડી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, વાંગધ્રા, તા.વિછિંયા, જિ.રાજકોટ, શ્રી ઉતર બુનિયાદી વિદ્યાલય, ધજાળા, તા.સાયલા, જિ.સુરેન્દ્ર નગર, શ્રી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, કાળાસર, તા.ચોટીલા, જિ.સુરેન્દ્ર નગર તથા અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, કુવાડવા તાલુકો, જિલ્લો રાજકોટ ઉપરાંત આરોગ્યવ ચકાસણીના આ કાર્યક્રમમાંથી શ્રી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, નાવા, તા.ચોટીલા અને અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, ધજાળા, તા.સાયલા ખાતે યોજાયેલ છે. યુ.એસ.એ.ના લગભગ ૭ ડોકટરો, ૨ વ્યાવસ્થાળપકો, સ્થાસનિક ૭ ડોકટર્સ, ફાર્માસીસ્ટી ૬, નર્સ ૭ વગેરેની મેડિકલ ટીમ અને ૬ કાર્યકરોની ટીમ સેવા આપશે તેમ સંસ્થાાના મેનેજીંગ ટ્રસ્ટીિ ગુલાબભાઈ જાનીની યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટના જીવદયા ઘરને એમ્યુલન્સ લોકાર્પણ



રાજકોટ,
મકરસંક્રાંતિના દિને ઈમ્પીપરિયલ હાઈટ, બીગ બજારના સામે 'જીવદયા ઘર'ને એમ્યુડુત લન્સક અર્પણનો કાર્યની યોજાયો હતો. રાષ્ટ્રહ સંત, કરૂણા સાગર પૂ.નમ્ર મુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી જીવદયા ઘર પાંજરાપોળ દ્વારા એક જરૂરી સવલતો સાથે શકય એટલી સરળતાથી અબોલ જીવોની સારવાર થઈ શકે, સ્ટેનચર દવા, રાખવા મીની ફ્રીજ એવા ઘણા ફેરફારો, કરાવી ઓકિસજનની વ્ય વસ્થા સાથે આ એમ્યુર લન્સમ લોકાર્પણ માન. જીવદયા પ્રેમી પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના શુભ હસ્તેિ કરવામાં આવેલ હતું. આ લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્યપશ્રી ડો.દર્શિતાબેન શાહ, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, ગૌપ્રેમી ડો.વલ્લભભાઈ કથીરિયા, શહેરના પ્રથમ નાગરિક મેયરશ્રી પ્રદીપભાઈ ડવ, ફોરેસ્ટમ વિભાગના ડીસીએફ અધિકારી તુષારભાઈ પટેલ, નાયબ પશુપાલન નિયામક ખાનપરા ઉપસ્થિ ત રહેલ હતા. ઘાયલ પક્ષીઓની સારવાર કરવા માટે રાજકોટ મહાનગરપાલીકા, જીવદયા ઘર પશુ પક્ષી સારવાર કેમ્પરમાં આરએમસીના ડો.ભાવેશભાઈ ઝાકાસનિયા, જૂનાગઢ વેટરનરી કોલેજના ડો.રઘુવીરભાઈ ભટ્ટ, ડો.પિયુષભાઈ ડોડીયા, ડો.રાજેશભાઈ વાળા વિ.એ. અનેક જીવોને સારવાર આપી બચાવેલ હતા. જીવદયા ઘર પાંજરાપોળના યુવા ટ્રસ્ટી યશભાઈ શાહ, ઉદિતભાઈ શેઠ, જૈન અગ્રણી મયુરભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ શેઠ, જીવદયા પ્રેમી હરેશભાઈ શાહ, વિગેરે ઉપસ્થિોત રહેલ હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન કુ.પ્રિયાબેન યોગેશભાઈ શાહે કરેલ હતું.

# રાજકોટ જીલ્લા બેંક દ્વારા મોરબી જીલ્લાના પાક ધિરાણના દર નક્કી કરાયા



રાજકોટ,
શ્રી રાજકોટ ડીસ્ટ્રી કટ કો-ઓપરેટીવ બેંક લી.ના જનરલ મેનેજર/સીઈઓ શ્રી વી.એમ.સખીયાની યાદીમાં જણાવ્યાજ મુજબ નાબાર્ડની માર્ગદર્શીકા અન્વલયે વર્ષ ૨૦૨૩-૨૪ માટે મોરબી જીલ્લામાં ઉગાડવામાં આવતા વિવિધ પાકોના હેકટર દીઠ પાક ધિરાણના દર નક્કી કરવા માટે મોરબી જીલ્લાની અલગ-અલગ ડીએલટીસી (ડીસ્ટ્રી કટ લેવલ ટેકનીકલ કમીટી)ની મીટીંગ જીલ્લા ખેતીવાડી અધિકારી ડો.વિક્રમસિંહ ચૌહાણના અધ્યેક્ષસ્થાકને મળેલ હતી.

મીટીંગમાં નાબાર્ડના ડીડીએમ, અન્ય બેંકોના પ્રતિનિધિઓ, મંડળીઓના પ્રતિનિધિ, સહકારી અગ્રણીશ્રી અમૃતલાલ વિડજા તથા જીલ્લાના પ્રગતીશીલ ખેડુતો હાજર રહેલ. આ મીટીંગમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિવિધ ખરીફ/ રવિ પાકોના પાક ધિરાણના દર નક્કી કરવામાં આવેલ.

બેંકના ચેરમેન શ્રી જયેશ રાદડીયાના સફળ નેતત્વ હેઠળ શ્રી રાજકોટ ડીસ્ટ્રીચકટ કો-ઓપરેટીવ બેંક મારફત તમામ પ્રકારના પાક ધિરાણો ઉપરાંત ખેડુતોને તમામ જરૂરીયાતો સંતોષવા મધ્યશમ મુદત ખેતી ધિરાણો, હાઉસીંગ લોન, રૂરલ ગોડાઉન લોન તથા પર્સનલ લોન પણ આપવામાં આવે છે. તેમજ બેંક મારફત ધિરાણ લેતા તમામ સભાસદોનો રૂા. ૧૦ લાખનો અકસ્માત વિમો બેંક તરફથી ઉતરાવવામાં આવેલ છે. આમ ખેડુતો માટે અનેક પ્રકારની કલ્યાનણકારી યોજનાઓ આ બેંક તરફથી અમલમાં મુકવામાં આવેલ છે.

# રાજકોટના નાના મવા સર્કલ પાસે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ્ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાતે મ્યુ.કમિશનર અમિત અરોરા

## આઈસીસીસીના માધ્યમથી ગાર્બેજ, રખડતા પશુઓ, ડ્રેનેજ લીકેજના પ્રશ્નોનું નિવારણ લાવવા આદેશ




રાજકોટ,
રાજકોટ શહેરને સ્વિચ્છ , સુંદર અને સુવિધાપ્રદ રાખવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અવિરત કામગીરી કરવામાં આવી રહી છે. પ્રગતિમાં રહેલ વિવિધ વિકાસલક્ષી કામગીરી ઝડપી અને સમયસર પૂર્ણ થાય તે માટે મ્યુરનિ. કમિશનર અમિત અરોરા દ્વારા સતત સ્થાળ મુલાકાત કરવામાં આવે છે, જે અંતર્ગત આજે તા. ૨૦-૦૧-૨૦૨૩ના રોજ મ્યુર્નિ. કમિશનર અમિત અરોરાએ નાનામવા સર્કલ પાસે આવેલ ઈન્ટીવગ્રેટેડ કમા એ કંટ્રોલ સેન્ટેર (ૈંઝ્રઝ્ર)ની મુલાકાત કરી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતુ તેમજ વેસ્ટ્ ઝોન ઓફિસ ખાતે ટી.પી.સ્કીસમ નં.૩૬નાં જમીન માલિકો સાથેની વેસ્ટર ઝોન ઓફિસ ખાતે ટી.પી.સ્કીટમ નં.૩૬નાં જમીન માલિકો સાથેની મીટિંગમાં થઈ રહેલી કાર્યવાહીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

શહેરમાં થતી ગંદકી તથા ગાર્બેજ, રસ્તેત રખડતા પશુઓ અને ડ્રેનેજ લાઈન લીકેજને લગતી ફરિયાદો વગેરેનું તાત્કાલિક નિવારણ લાવવા ૮્િ ના માધ્યીમથી પણ પ્રયાસ કરવા પર મ્યુલનિ. કમિશનરએ ભાર મુકયો હતો.

વેસ્ટા ઝોન ઓફિસ ખાતે મવડી વિસ્તાફરમાં આવેલ ટી.પી. સ્કી?મ નં. ૩૬નાં જમીન માલિકોને ટી.પી.સ્કી મ અંગે સમજાવવાની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેની પણ મ્યુ નિ. કમિશનર અમિત અરોરાએ મુલાકાત કરી થઈ રહેલી કાર્યવાહીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

આજની વિઝિટમાં મ્યુનનિ. કમિશનર અમિત અરોરાએ નાયબ મ્યુ?નિ. કમિશનર ચેતન નંદાણી, આઈ.ટી. હેડ સંજય ગોહેલ, પી.એ.(ટેક.)ટુ કમિશનર હિમાંશુ દવે, આસી. મેનેજર વત્સનલ પટેલ, નાયબ પર્યાવરણ ઈજનેર દિગ્વિજિયસિંહ તુવર હાજર રહ્યા હતા.

# રાજકોટ રઘુવંશી મેરેજ બ્યુરો દ્વારા માર્ચમાં નિ:શુલ્ક વેવિશાળ પરિચય સંમેલન

રાજકોટ,
રાજકોટ રઘુકુળ મેરેજ બ્યુ(રો રાજકોટ અને રોયલ રઘુવંશી મેટ્રોમોનીયલના સંયુકત ઉપક્રમે સમસ્તમ રઘુવંશી સમાજના શિક્ષિત ઉમેદવારો માટે આગામી તા. ૨૬ માર્ચના નિ:શુલ્ક વેવિશાળ પરિચય સંમેલનનું આયોજન કરાયુ છે.

'અકિલા' ખાતે વિગતો વર્ણવતા આયોજક સમિતિના આગેવાનોએ જણાવ્યુ: હતુ કે લોહાણા સમાજના ડોકટર, સી.એ., સી.એસ., એન્જીએનીયર, એડવોકેટ વગેરે માસ્ટુર ડીગ્રી ધરાવતા ઉમેદવારો તેમજ સગાઈ રદ, લગ્ન વિચ્છેયદ, વિધવા, વિધુર તેમજ ગ્રેજયુએટ, અંડર ગ્રેજયુએટ એમ અલગ અલગ સેશનમાં આ પરિચય મેળો યોજાશે.

તા. ૨૬-૩-૨૦૨૩ ના રવિવારે બપોરે ૨ થી ૭ હેમુ ગઢવી હોલ, રાજકોટ ખાતે આયોજીત આ પરિચય મેળો નિ:શુલ્કગ છે. કલર ૫ ફોટાની સાથે ફોર્મ ભરવાનું રહશે. આ માટેની છેલ્લી મુદત તા. ૧૨-૩-૨૦૨૩ નિયત કરાઇ છે.બહારગામના ઉમેદવારો કે જે રાજકોટ આવી શકે તેમ ન હોય તે લોકો સગા સંબંધી મારફત પણ ફોર્મ ભરાવી શકશે. ફોર્મ ભરાય ગયા બાદ તા. ૬ માર્ચથી તા. ૧૨ માર્ચ સુધીમાં પરત કરવાના રહેશે. સમગ્ર પરિચય સંમેલનને સફળ બનાવવા રઘુકુળ મેરેજ બ્યુ રોના ચેરમેન અશોકભાઈ કુંડલીયાના માર્ગદર્શન હેઠળ લક્ષ્મીદાસભાઈ જોબનપુત્રા, રાજુભાઈ જોબનપુત્રા, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં લાખાજીરાજ રોડ પર પાથરણાવાળાનો ત્રાસ : કાયમી પાથરણા દૂર કરવા મેયરને રજૂઆત

રાજકોટ,
રાજકોટ શહેરના વર્ષોજૂના મુખ્ય બજાર જેવા ગણાતા લાખાજીરાજ તેમજ ધર્મેન્દ્ર રોડ ઉપર રવિવારે દૂકાનો બંધ રહેતી હોય ત્યારે પાથરણા વાળા છુટક વેપારીઓ ધંધો રોજગાર કરતા હોય છે. પરંતુ હવે કાયમી દોરણે પાથરણા વાળાઓ દુકાનની આગળ બેસવા લાગતા દુકાનદારોને વાહન રાખવામાં તકલીફ પડતી હોય તેમજ ગ્રાહકોને પણ દુકાનમાં પ્રવેશ કરવામાં મુશ્કેલી પડતી હોય આજે વેપારી મંડળ દ્વારા મેયરને રજઆત કરી પાથરણા વાળાના ત્રાસમાંથી મુક્તિ અપાવો તેવી રજૂઆત કરી હતી. જેથી મેયરે હવે એક્સ આર્મીમેનને રવિવારે આખો દિવસ આ રોડ ઉપર વોચ રાખવા તેમજ નિરંતર ટીમ દ્વારા સતત પાથરણા વાળાઓ હટાવવાની કાર્યવાહી કરવાની સુચના આપી હતી.

લાખાજીરાજ રોડ ઉપર વર્ષો જૂની દુકાનો હોવાના કારણે રોડ રસ્તા પહોળા થઈ શકે તેવી સ્થિતિ નથી તેની સામે ધર્મેન્દ્રરોડ, બંગડી બજાર સહિતના વિસ્તારમાં દરરોજ ગ્રાહકની ભીડ વધુ રહેતી હોય છે. કપડાથી લઈને તમામ પ્રકારની વસ્તુની ખરીદી આજે પણ શહેરીજનો લાખાજીરાજ રોડ અને ધર્મેનન્દ્ર રોડ ઉપરથી વધુ કરી રહ્યા છે. રવિવારે મોટાભાગની દૂકાનો બંધ રહેતી હોય પાથરણા વાળા વેપારીઓ રોડ ઉપર પાથરણા પાથરી પરચુરણ વેપાર કરતા હોય છે. જેને કોર્પોરેશને પણ એક દિવસ માટે છૂટ આપી હતી. પરંતુ અમુક પાથરણા વાળાઓ હવે કાયમી રોડ ઉપર બેસવા લાગતા ટ્રાફિક સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. જેની સામે દુકાનની આગળ પાથરણા વાળાઓ બેસવાના કારણે દુકાનદારોને ગ્રાહકો ખોવાનો વારો આવ્યો હોય તેમ ધંધા રોજગારમાં મંદી દેખાવા લાગી છે. પાથરણા વાળા મુખ્યત્વે કપડા તેમજ અલગ પ્રકારની કોસ્મેટીક વસ્તુઓનું સસ્તાભાવે વેચાણ કરતા હોય છે. જેનો માર કરોડો રૂપિયાની દુકાનો લઈને બેસેલા વેપારીઓને પડી રહ્યો છે. અમુક સમય માટે લાખાજીરાજ રોડને વન વે જાહેર કરાયો છે. જેની સામે મનપાના જગ્યારોકાણ વિભાગ દ્વારા પણ અમુક સમયે કાર્યવાહી કરાઈ છે.

# રાજકોટની પી.ડી.યુ.મેડિકલ કોલેજ ખાતે તબીબો સાથે રીવ્યુ બેઠક યોજતા આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ તા.૨૦
રાજકોટની પંડિત દિનદયાલ ઉપાધ્યાય કોલેજ અને હોસ્પિટલ ખાતે આરોગ્ય વિષયક કામગીરીની રીવ્યુ બેઠક આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ બેઠકની શરૂઆતમાં ડીન ડો.મુકેશ સામાણી અને તબીબી અધિક્ષકશ્રી ડૉ.આર. એસ.ત્રિવેદીએ પુષ્પગુચ્છથી મંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. તેમજ તબીબી અધિક્ષકશ્રી ડો.ત્રિવેદીએ સ્વાગત પ્રવચન બાદ પી.પી.ટી.ના માધ્યમથી હોસ્પીટલ અને મેડિકલ કોલેજના તબીબો, દર્દીઓ માટેના બેડની ક્ષમતા, ઝનાના હોસ્પિટલની કામગીરીની પ્રગતિ વગેરે વિષેની જાણકારી આપી હતી.

મંત્રીશ્રીએ હોસ્પિટલની જરૂરિયાતોનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કર્યું હતું. જેમાં વિવિધ મુદ્દાઓ જેવા કે સ્વચ્છતા, મહેકમ, બિલ્ડીંગની જરૂરિયાત, સાધનની જરૂરિયાત, પબ્લિક હેલ્થ ડેસ્ક, ચેપ મુક્ત એરીયા વગેરેની તકેદારી લેવા મંત્રીશ્રીએ તાકીદ કરી હતી. મંત્રીશ્રીએ માતા મૃત્યુ દર, બાળ મૃત્યુ દર, પી.એમ.જે.એ.વાય.ના ક્લેમ વગેરે વિશે જાણકારી મેળવી હતી.

મંત્રીશ્રીએ મેડિકલ કોલેજના દરેક વિભાગના વડા પાસે તેમના વિભાગના જરૂરિયાતના સૂચનો જાણ્યા હતા. મંત્રીશ્રીએ કેટલાક માર્ગદર્શક સુચનો પણ આપ્યા હતા. આ તકે આર.એમ.ઓ. ડો.નથવાણી સહિત મેડિકલ કોલેજના વિવિધ વિભગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દેશનાં ૭૧ હજાર યુવાઓને પીએમ મોદી તરફથી નોકરીની ભેટ

# રોજગાર મેળો અમારા વચનો પૂરા કરવા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવોઃ મોદી



નવીદિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૧૦ લાખ કર્મચારીઓ માટે ભરતી અભિયાન 'રોજગાર મેળા' હેઠળ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં લગભગ ૭૧ હજાર નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્ર સોંપ્યો હતો.આ દરમિયાન રોજગાર મેળાને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ કહ્યું હતું કે રોજગાર મેળો આપણા સુશાસનની ઓળખ બની ગયો છે અને આ અમારા વચનો પૂરા કરવા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ચાલો જાણીએ પીએમ મોદીના રોજગાર મેળામાં સંબોધનની થોડી ખાસ વાતો -પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રોજગાર મેળામાં સંબોધન સમયે પીએમ મોદીએ કહ્યું કે વ્યાપાર અને કારોબારની દુનિયામાં એવું કહેવાય છે કે ગ્રાહક હંમેશા સાચો હોય અને એ જ રીતે શાસન વ્યવસ્થામાં મંત્ર એમ હોવો જોઈએ કે નાગરિક હંમેશા સાચો.મોદીએ કહ્યું હતું કે પારદર્શક રીતે ભરતી અને પ્રમોશનથી યુવાનોમાં આત્મવિશ્વાસ વધે છે અને આ પારદર્શિતા વધુ સારી રીતે એમને પ્રતિયોગિતામાં પ્રવેશ કરવા માટે પ્રેરિત કરે છે. સરકાર આ દિશામાં સતત કામ કરી રહી છે.સાથે જ એમને કહ્યું હતું કે, 'તમે બધાએ આ અનુભવ્યું જ હશે કે ભરતી પ્રક્રિયામાં ઘણા ફેરફારો થાય છે અને કેન્દ્રીય સેવાઓની ભરતી પ્રક્રિયા પહેલા કરતા વધુ કાર્યક્ષમ અને સમયબદ્ધ બની ગઈ છે. ભરતી પ્રક્રિયામાં તમે લોકો આ જે પારદર્શિતા અને ઝડપ જોઈ રહ્યા છો તે સરકારના દરેક કામમાં પણ દેખાય છે.તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, 'કેન્દ્ર સરકાર, એનડીએ અને ભાજપ શાસિત રાજ્યોમાં પણ રોજગાર મેળાનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે.

# કેનેડાની એક સ્કુલમાંથી 171 બાળકોની કબરો મળી

## ઓન્ટેરિયોમાં જે બિલ્ડિંગની નીચેથી કબરો મળી આવી હતી તે એક સમયે સ્કૂલ હતી

નવીદિલ્હી,
મૂળ કેનેડિયનોના એક ગ્રુપને એક રડાર સિસ્ટમ દ્વારા ઈમારતની નીચેથી ૧૭૧ બાળકોની કબરો મળી છે. કેનેડામાં મૂળ રહેવાસી તે લોકોને કહેવામાં આવે છે જેઓ અંગ્રેજોના કબજા હેઠળ પહેલેથી જ ત્યાં રહેતા હતા. ઑન્ટેરિયોમાં જે બિલ્ડિંગની નીચેથી કબરો મળી આવી હતી તે એક સમયે સ્કૂલ હતી. એવું માનવામાં આવે છે કે આ કબરો છે મૂળ રહેવાસીઓના બાળકોની જ છે.આ બાળકોને ૧૯મી સદીમાં બળજબરીથી પકડવામાં આવ્યા હતા અને ચર્ચ દ્વારા સંચાલિત શાળાઓમાં મૂકવામાં આવ્યા હતા. કબર શોધવા પર ગ્રુપના સભ્ય ચીફ ક્રિસ સ્કીડે જણાવ્યું હતું કે તેમને જોઈને આપણે યાદ રાખવું જોઈએ કે આપણે જીવતા બચી શક્યા છીએ. આપણે અહીં છીએ અને આપણા પૂર્વજો પણ અહીં જ છે. જો કે, આ પહેલીવાર નથી કે કેનેડામાં મૂળ બાળકોની કબરો મળી આવી હોય.કેનેડામાં મે ૨૦૨૧થી મુળ નિવાસીઓના બાળકોની કબર મળી રહી છે. આ બાબતે કેનેડાના વડાપ્રધાનથી લઈને વેટિકન સિટીના પોપ ફ્રાંસિસ પણ માફી માંગી ચુક્યા છે. ન્યુયોર્ક યાઈન્સના રિપોર્ટ મુજબ ૧૯મી સદીમાં કેનેડાની સરકારો અને ચર્ચ મુળ નિવાસીઓના બાળકો માટે સ્કૂલો ચલાવતા હતા. આ સ્કૂલોનો મખ્ય હેતું મુળ નિવાસીઓના બાળકોને તેમની સંસ્કૃતિ અને જીવનશૈલીથી અલગ કરવાનો હતો, જેને કેનેડામાં સત્તા પર રહેલા લોકો પછાત અને નકામા સમજતા હતા.અનેક રિપોર્ટમાં દાવા કરવામાં આવ્યો છે કે આ ૧૩૦ સ્કૂલોમાં ખુબ જ ખરાબ વ્યવસ્થાઓ રહેતી હતી. આ બાળકોને સારું ભોજન તેમજ પીવા માટે પાણી પણ આપવામાં આવતું નહોતું. કોઈ બાળક બીમાર પડે તો તેની સારવાર પણ કરાવવામાં આવતી નહોતી. આ કારણે હજારો બાળકોના મોત થયા હતા. ગયા વર્ષે પોપ ફ્રાંસિસે પણ માન્યું હતુ કે સ્કૂલોમાં બાળકોનું યૌનશોષણ પણ કરવામાં આવતું હતુ. ચર્ચની આ સ્કૂલ બાળકોનું મોત થયા બાદ તેમના મૃતદેહોને સ્કૂલની જમીન નીચે જ દફન કરી દેવામાં આવતા હતા. વર્ષ ૧૯૯૦માં ટીકા અને અનેક વિરોધ પ્રદર્શનો બાદ આ સ્કૂલોને બંધ કરી દેવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૧માં પહેલીવાર મૃતદેહો મળી આવ્યા, ત્યારે આ મામલે સ્એ માફી માંગી હતી. વર્ષ ૨૦૨૧માં પ્રથમ વખત કેનેડાની એક જુની બોર્ડિંગ સ્કૂલના કેમ્પસમાં ૨૧૫ બાળકોના મૃતદેહના અવશેષો મળી આવ્યા હતા. આમાંના કેટલાક બાળકો ત્રણ વર્ષથી ઓછી વયના હતા. રડાર મશીનની મદદથી તેમની શોધખોળ પણ કરવામાં આવી હતી. તે સમયે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ તેને ઈતિહાસની શરમજનક યાદોમાંની એક ગણાવી હતી.

# પહેલી વખત રાહુલ ગાંધી રેઈનકોટમાં નજર પડ્યા



કોંગ્રેસનેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા પોતાના અંતિમ પડાવ જમ્મુ-કાશ્મીર પહોંચી છે. રાહુલ ગાંધી શુક્રવારે સવારે કઠુઆ પહોંચ્યા ત્યારે વરસાદ થઈ રહ્યો હતો. યાત્રા દરમિયાન પહેલી વખત રાહુલ ગાંધી રેઈનકોટમાં નજર આવ્યા. ત્યાં શિવસેના નેતા સંજય રાઉત પણ તેમની યાત્રામાં સામેલ થયા હતાં.જમ્મુ-કાશ્મીરમાં દાખલ થતાં પહેલાં રાહુલે પઠાનકોટ બોર્ડર પર કહ્યું, હું જાણું છું કે અહીંના લોકો પીડામાં છે. હું સમજું છું કે દરેકને દુઃખ થયું છે. દરેક માણસ પરેશાન છે. હું તમારું દુઃખ વહેંચવા આવ્યો છું. આ દરમિયાન રાહુલ સાથે મોટી સંખ્યામાં સમર્થક પહોંચ્યા હતા. ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ તામિલનાડુના કન્યાકુમારીથી શરૂ થયેલી યાત્રા ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ જમ્મુ-કાશ્મીર પહોંચી છે.

# ભારતે અફવાઓ ફેલાવી, હું ક્યારેય લાદેન અને અલજવાહિરીને મળ્યો નથી

## ગ્લોબલ આતંકવાદી મક્કીએ વીડિયો જાહેર કર્યો



નવીદિલ્હી,
સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ગ્લોબલ આતંકવાદી જાહેર કર્યા બાદ અબ્દુલ રહેમાન મક્કીએ પાકિસ્તાનની કોટ લખપત જેલમાંથી પોતાનો એક વીડિયો જાહેર કર્યો છે. મક્કીએ વીડિયામાં કહ્યું કે જે આરોપોમાં તેને ગ્લોબલ આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે તે બધા ભારત સરકાર દ્વાર ફેલાવેલી અફવાઓ છે. મક્કીએ કહ્યું કે હું ક્યારેય ઓસામા બિન લાદેન કે અલકાયદાના સુપ્રીમો અયમાન અલ-જવાહિરીને મળ્યો નથી.પાકિસ્તાન લશ્કર એ તૈયબાના લીડર અબ્દુલ રહેમાન મક્કીએ આતંકી સંગઠન અલકાયદા અને ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા હોવાનો આરોપોને નકાર્યા. તેણે કહ્યું કે આ બંને આતંકી સંગઠનોની વિચારધારા તેનાથી બિલકુલ અલગ છે. કેટલાય આતંકી હુમલાના આરોપી મક્કીએ એ પણ કહ્યું કે તે અલકાયદા અને આઈએસઆઈએસ તરફથી કરવામાં આવેલા બધા હુમલાની નિંદા કરે છે.પાકિસ્તાનના બધા આતંકીઓની જેમ મક્કીએ પણ પોતાના વીડિયોમાં કાશ્મીરને ઘસેડ્યું. તેણે કહ્યું કે તે પાકિસ્તાનના કાશ્મીર લેવાયેલા સ્ટેન્ડ સાથે સંપૂર્ણ રીતે સહમત છે. પોતાને ગ્લોબલ ટેરરિસ્ટ જાહેર કરવાના ફેંસલા પર મક્કીએ યુએનએસસી પર આરોપ લગાવ્યો કે સાચી પ્રોસેસને ફોલો નથી કરવામાં આવી હતી.

આતંકી અબ્દુલ રહેમાન મક્કીએ પોતાના વીડિયોમાં એ વાતને પણ નકારી કે તે સાલ ૧૯૮૦માં ઈસ્લામિક યુનિવર્સિટી ઓફ ઈસ્લામાબાદમાં ફેકલ્ટી મેમ્બર રહેતા અલકાયદા અને અફઘાન કમાંડરોને મળ્યો હતો. પાકિસ્તાનના પંજાબ રાજયની જેલમાં વર્ષ ૨૦૧૯માં કેદ હતો. વર્ષ ૨૦૨૦માં મક્કીને બે આતંકી હુમલાનો દોષી ઠરાવી ચૂકી છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ અને રાજદૂત સૈયદ અકબરુદ્દીને અબ્દુલ રહેમાન મક્કીને ગ્લોબલ આતંકી જાહેર કર્યા બાદ પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે આનાથી દુનિયામાં એ સમજ બની રહે કે ચીન ભારતને રોકી નથી શકતું. કહ્યું કે હજુ કેટલાક બીજા પણ છે જેમને ગ્લોબલ આતંકી જાહેર કરાવવાના છે.અબ્દુલ રહેમાનને ગ્લોબલ આતંકી જાહેર કરનારી કમિટીએ કહ્યું કે તેને ભારતમાં કેટલાય હુમલા માટે જવાબદાર ઠરાવ્યો હતો. જેમાં ૨૨ ડિસેમ્બર ૨૦૦૦માં લાલ કિલ્લા પર થયેલા હુમલામાં પણ સામેલ હતો.

## ભાજપમાં જોડાઓ નહિંતર મુખ્યમંત્રીનું બુલડોઝર તૈયાર છે- ભાજપના મંત્રીની ચેતવણી

ભોપાલ,
મધ્યપ્રદેશના એક મંત્રીએ રાજ્યમાં કોંગ્રેસના સભ્યોને શાસક ભારતીય જનતા પાર્ટીમાં જોડાવા નહિંતર બુલડોઝર દ્વારા તોડી પાડવાની મુખ્ય પ્રધાનની ધમકીનો સામનો કરવા માટે કથિત રીતે કહીને વિવાદ સર્જ્યો છે. પંચાયત મંત્રી મહેન્દ્ર સિંહ સિસોદિયા અહીં રૂથિયાઈ શહેરમાં એક જાહેર સભામાં ટીપ્પણી કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. અન્ય કેટલાક ભાજપ શાસિત રાજ્યોની જેમ, મધ્યપ્રદેશ સરકાર વિવિધ ગુનાઓના આરોપી લોકોના ઘરોના કથિત ગેરકાયદેસર ભાગોને તોડી રહી છે.૨૦ જાન્યુઆરીએ યોજાનારી રાઘોગઢ સિવિક બોડીની ચૂંટણી માટે પ્રચાર કરતા અહેવાલ મુજબ, સિસોદિયાએ બેઠકમાં કહ્યું.

# એર ઈન્ડિયાને ફટકારવામાં આવ્યો રૂા. ૩૦ લાખનો દંડ

નવી દિલ્હી,
એર ઈન્ડિયાની ફ્લાઈટમાં પેશાબ કાંડ મામલે શુક્રવારે એરલાઈન્સ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. ડ્ઢય્ઝ્રછ દ્વારા નાગરિક ઉડ્ડયન નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ એર ઈન્ડિયાને ૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત પાઈલટનું લાઈસન્સ પણ ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. એરક્રાફ્ટ રૂલ્સ ૧૯૩૭ ના નિયમ ૧૪૧ અને લાગુ ડ્ઢય્ઝ્રછના નાગરિક ઉડ્ડયન નિયમો હેઠળ તેની ફરજ નિભાવવામાં નિષ્ફળતા માટે પાઈલટ પર આ કાર્યવાહી કરવામાં આવી છે. આ સિવાય એર ઈન્ડિયાની ફ્લાઈટ સર્વિસમાં ડાયરેક્ટર પર ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ કેસમાં પીડિત મહિલાએ એર ઈન્ડિયા પર સમયસર પગલાં ન લેવાનો અને સમાધાન કરાવવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ ડ્ઢય્ઝ્રછએ એર ઈન્ડિયાને નોટિસ આપી ખુલાસા માંગ્યા હતા. આ પછી ડીજીસીએએ એર ઈન્ડિયાને પૂછ્યું છે કે શા માટે તમારી સામે કાર્યવાહી ન કરવામાં આવી. તમે તમારી જવાબદારી યોગ્ય રીતે પૂર્ણ કરી નથી, પરંતુ તેમ છતાં ન્યાયિક પ્રક્રિયાને ધ્યાનમાં લેતા, તમને જવાબ આપવા માટે બે અઠવાડિયાનો સમય આપવામાં આવશે. તેના આધારે જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

જોકે મહિલા મુસાફરે પોતાની ફરિયાદમાં લખ્યું છે કે હું ફ્લાઈટ છૈં૧૦૨માં મારા બિઝનેસ ક્લાસની મુસાફરી દરમિયાન બનેલી ભયાનક ઘટના અંગે મારી ઊંડી નિરાશા વ્યક્ત કરવા લખી રહી છું. આ હું અત્યાર સુધીની સૌથી પીડાદાયક ફ્લાઈટની ઘટના રહી છે. ફ્લાઈટ દરમિયાન લંચના થોડા સમય પછી લાઈટ બંધ થઈ ગઈ હતી. જ્યારે હું સૂવા માટે તૈયાર થઈ રહી હતી. ત્યારે એક નશામાં ધૂત પેસેન્જર તેની સીટ પર આવ્યો અને પેશાબ કર્યો હતો. તે દરમિયાન અન્ય મુસાફરોએ તેને ત્યાંથી દુર કરવાનો પ્રયાસ કર્યોહતો. પરંતુ તે નશામાં ખુબજ હોવાથી દુર થયો ન હતો. તેણે છૈં કેબિન ક્રૂને આ ઘટના પ્રત્યે અસંવેદનશીલ ગણાવ્યુંહતું. વધુમાં કહ્યુંકે ક્રૂએ તેને ચેઈન્જ કરવા માટે માત્ર પાયજામા અને ચપ્પલની જોડી આપી હતી.

## બ્રિટનના પીએમ સુનકે કારનો સીટ બેલ્ટ હટાવવા બદલ માફી માંગી



લંડન,
બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનકે ગુરુવારે ઉત્તર-પશ્ચિમ ઈંગ્લેન્ડમાં ડ્રાઈવિંગ કરતી વખતે સોશિયલ મીડિયા માટે વીડિયો શૂટ કરતી વખતે તેમના સીટબેલ્ટને દૂર કરવામાં ચુકાદાની ટૂંકી ભૂલ માટે માફી માંગી હતી. સુનકના ડાઉનિંગ સ્ટ્રીટના પ્રવક્તાએ કહ્યુ કે તેણે થોડા સમય માટે તેનો સીટબેલ્ટ ખોલ્યો હતો અને તેણે કબૂલ્યું હતું કે તેણે ભૂલ કરી હતી. યુકેમાં, કારમાં સીટબેલ્ટ ન પહેરવા બદલ ૢ૧૦૦નો ઓન-ધ-સ્પોટ દંડ આપી શકાય છે, જો મામલો કોર્ટમાં જાય તો તે વધીને ૢ ૫૦૦ સુધી પહોંચે છે.સુનકના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વડા પ્રધાને ટૂંકી ક્લિપ ફિલ્માવવા માટે તેમનો સીટબેલ્ટ કાઢી નાખ્યો હતો. જો કે, તેણે સંપૂર્ણ રીતે સ્વીકાર્યું કે તે એક ભૂલ હતી અને તેના માટે માફી માંગી હતી. પ્રવક્તાએ કહ્યું કે વડાપ્રધાન સુનક માને છે કે દરેક વ્યક્તિએ વાહન ચલાવતી વખતે, નિયમોનું પાલન કરતી વખતે અને સલામતી માટે સીટ બેલ્ટ પહેરવો જોઈએ.હકીકતમાં બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનકે દેશભરમાં તેમની સરકારની નવી લેવલિંગ અપ ફંડ ઘોષણાઓનો પ્રચાર કરવા માટે એક વિડિયો શૂટ કર્યો હતો.

# પાકિસ્તાનની આજીજી : આતંકવાદ મુક્ત વાતાવરણથી જ મૈત્રીપૂર્ણ સંબંધ થઈ શકે

ઈસ્લામાબાદ,
પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે દ્વિપક્ષીય વાટાઘાટોની ઓફર કર્યાના ગણતરીના દિવસો પછી, ભારતે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે તે હંમેશા પાકિસ્તાન સાથે સામાન્ય પડોશી જેવા સંબંધો ઈચ્છે છે પરંતુ આવા સંબંધો આતંકવાદ, હિંસા અને દુશ્મનાવટ મુક્ત વાતાવરણમાં હોવા જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ મીડિયા બ્રીફિંગમાં કાશ્મીર જેવા બાકી મુદ્દાઓને ઉકેલવા માટે બંને દેશો વચ્ચે મંત્રણા કરવા માટે ગયા અઠવાડિયે શરીફની ઓફર વિશે પૂછવામાં આવતાં આ ટિપ્પણી કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે યુએઈની એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં, પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે કહ્યું હતું કે, ભારત સાથે ત્રણ યુદ્ધ બાદ પાકિસ્તાને તેનો પાઠ શીખ્યો છે, યુદ્ધથી પાકિસ્તાનનુ ભલુ થયુ નથી. ઉલટાનું અનેક મોરચે પછાત રહેવું પડ્યું છે. ભારત સાથેના યુદ્ધે લોકો માટે દુઃખ, ગરીબી અને બેરોજગારી જ ઊભી કરી છે. પાઠ શિખ્યા બાદ હવે ભારત સાથે શાંતિથી રહેવા માંગે છે. તેમણે કહ્યું હતું કે ભારતીય નેતૃત્વ અને પીએમને મારો સંદેશ છે કે, ચાલો ટેબલ પર બેસીએ અને કાશ્મીર જેવા સળગતા મુદ્દાના ઉકેલ માટે ગંભીર અને પ્રામાણિક વાતચીત કરીએ. ત્યાં માનવ અધિકારોનું સતત ઉલ્લંઘન થઈ રહ્યું છે.જો કે, પાકિસ્તાનના વડા પ્રધાન કાર્યાલયે પાછળથી કહ્યું હતું કે, ભારત કાશ્મીર પર તેના પગલાંને પૂર્વવત્ કર્યા વિના વાતચીત શક્ય નથી. ઓગસ્ટ ૨૦૧૯ માં ભારતે જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો પાછો ખેંચી લેવાની અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજીત કર્યા પછી સંબંધો વધુ બગડ્યા હતા.

ભારતે પાકિસ્તાનને આ આરોપની તપાસ કરવા કહ્યું છે કે, એક ભારતીય મહિલાનું પાકિસ્તાની હાઈ કમિશન પરિસરમાં કથિત રીતે યૌન શોષણ થયું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા બાગચીએ કહ્યું કે મહિલાની ફરિયાદને ગંભીરતાથી લેવામાં આવી છે. પંજાબની એક મહિલા પ્રોફેસરે દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનમાં ફરજ પર તહેનાત એક અધિકારી પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે.

# દિલ્હીમાં દિવાલો પર લખાયું ખાલિસ્તાન જિંદાબાદ

નવીદિલ્હી,
રાજધીના દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ વચ્ચે વાતાવરણ ડહોંળવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. દિલ્હીમાં પશ્ચિમ વિહાર સહિત ૧૦ વિસ્તારોમાં 'ખાલિસ્તાન જિંદાબાદ' અને 'રેફરેંડમ ૨૦૨૦'ના સુત્રોચ્ચાર લખવામાં આવ્યા હતા. આ બાબતની જાણ થતા તાત્કાલિક તેને સાફ કરાવીને દુર કરવામાં આવ્યા હતા. પોલીસે કહ્યું કે આ મામલામાં સામેલ લોકોની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસે વધુમાં જણાવ્યું હતુ કે આરોપીઓએ રાત્રીના અંધકારનો ફાયદો ઉઠાવીને આ ઘટનાને અંજામ આપ્યો છે. ૨૬મી જાન્યુઆરી નજીક આવી રહી છે, અને અમારું ધ્યાન સુરક્ષા પર છે. દિલ્હી પોલીસ કોઈ અઘટીત ઘટના ન બને તે માટે તમામ સ્તરે સતર્કતા સાથે કામ કરી રહી છે.દિલ્હી પોલીસના પીઆરઓ સુમન નલવાએ જણાવ્યું હતું કે ભારતમાં પ્રતિબંધીત સંગઠન સિખ ફોર જસ્ટિસનો આ પ્રકારના કૃત્યો પાછળ હાથ હોઈ શકે છે, અને તે ચર્ચામાં રહેવા માટે આ પ્રકારના પ્રયાસો કરી રહ્યું હોય છે. ઈન્ટરનેટની કોઈ મર્યાદા નથી. તેઓ જ્યારે પણ કંઈપણ કરે છે, ત્યારે કોઈ અન્યના નામનો ઉપયોગ કરીને કરે છે. આ થોડું અઘરું છે, પણ આરોપીઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જે લોકો તેમને મદદ કરી રહ્યા છે, તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

એસએફજે પ્રતિબંધિત સંગઠન છે અને ગુરપતવંત સિંહ પન્નુ તેનો નેતા છે. પન્નુ ભારતનો વોન્ટેડ આતંકવાદી છે. તે મૂળ પંજાબના ખાનકોટનો રહેવાસી છે. તે અમેરિકામાં રહે છે. જ્યાં તેણે શીખ ફોર જસ્ટિસના નામથી ખાલિસ્તાની આતંકવાદી સંગઠન બનાવ્યું છે.

# મુંબઈમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૦ને પાર!

મુંબઈ,
મુંબઈની હવામાં પ્રદૂષણનું ઝેર ફેલાઈ ગયું છે. શહેરમાં સતત છઠ્ઠા દિવસે હવાની ગુણવત્તાનો સૂચકાંક દિલ્હી કરતાં ખરાબ રહ્યો છે. મુંબઈમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૦ને પાર કરી ગયો છે. મુંબઈનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૧૯ નોંધાયો છે. હવાની ગુણવત્તા નબળી કેટેગરીમાં હોવાથી પવનની ગતિ ધીમી પડી છે. તેથી શહેરના દક્ષિણ અને મધ્ય ભાગની હવા ખરાબ શ્રેણીમાં નોંધવામાં આવી છે.

મુંબઈમાં હવાની ગુણવત્તા દિવસેને દિવસે બગડતી જઈ રહી હોવાથી લોકોને સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. મુંબઈમાં ઘણા દર્દીઓમાં શરદી, ઉધરસ, ગળામાં દુખાવો જેવી સમસ્યાઓ વધી છે. રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ વહીવટીતંત્ર દ્વારા વધતા પ્રદૂષણને પહોંચી વળવા હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. મુંબઈમાં



એર ક્વોલિટી ઈન્ડેક્સ વધીને ૩૧૯ થઈ ગયો છે. એટલે કે મુંબઈની હવા હાઈ રિસ્ક કેટેગરીમાં નોંધાઈ છે, જ્યારે હાલ દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૮ છે.

નવી મુંબઈમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ વધીને ૩૬૨, અંધેરી ૩૨૭, ચેમ્બુર ૩૫૨, બીકેસી ૩૨૫, બોરીવલી ૨૧૫, વરલી ૨૦૦, મઝગાંવ ૩૩૧, મલાડ ૩૧૯, કોલાબા ૩૨૩, તો ભાંડુપમાં ૨૮૩ થઈ ગયો છે. ચેમ્બુર અને નવી મુંબઈમાં હવાની ગુણવત્તા ગંભીર સ્થિતિમાં છે.

પૂર્વ પર્યાવરણ પ્રધાન આદિત્ય ઠાકરેએ મુંબઈમાં વધી રહેલા પ્રદૂષણ અંગે ટ્વીટ કરીને સરકારની ટીકા કરી છે. એવી ટીકા થઈ રહી છે કે સરકાર મુંબઈ ક્લાઈમેટ એક્શન પ્લાનને લઈને ગંભીર નથી અને તેણે આ અંગે કામ અટકાવી દીધું છે. એવું જોવામાં આવ્યું છે કે ચાલી રહેલા મેટ્રો કામો, રસ્તાઓ પર વાહનોની વધેલી સંખ્યા અને ધૂળની સંયુક્ત અસરોને કારણે પરિસ્થિતિ વધુ વણસી છે.

હવામાં ઝેરી પ્રદૂષણને કારણે બીમાર લોકોને સ્વાસ્થ્ય સંબંધી તકલીફ થવાની સંભાવના છે. નિષ્ણાતોએ નબળી હવાની ગુણવત્તાવાળા સ્થળોએ હૃદય અને ફેફસાના વિકારોમાં વધારો થવાની પણ આગાહી કરી છે. હાલમાં, શ્વસન સંબંધી રોગો ધરાવતા નાગરિકોને કાળજી લેવા અને માસ્કનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

## ઉત્તરાખંડઃ હરિદ્વારમાં ૭ મસ્જિદને લાઉડસ્પીકર મુદ્દે ૫-૫ હજારનો દંડ ફટકારાયો

દહેરાદૂન, તા.૨૦
ઉત્તરાખંડના હરિદ્વારમાં તંત્રએ ધ્વનિ પ્રદૂષણ કરનાર ૭ મસ્જિદને દંડ ફટકાર્યો છે. પથરી વિસ્તારના અમુક ગામની મસ્જિદોને અજાન માટે લાગેલા લાઉડસ્પીકરોને મર્યાદિત અવાજમાં વગાડવાની ચેતવણી આપવામાં આવી હતી પરંતુ લાઉડસ્પીકરનો અવાજ ઓછો ના હોવાના કારણે પથરી પોલીસ સ્ટેશન અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના રિપોર્ટ પર એસડીએમએ ૭ મસ્જિદોને ૫ હજારનો દંડ ફટકાર્યો છે. બે મસ્જિદોને ધ્વનિ પ્રદૂષણ કરવા મુદ્દે ચેતવણી આપવામાં આવી છે. તંત્રની કાર્યવાહી પર મુસ્લિમ ધર્મગુરુ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે.એસડીએમે જણાવ્યુ કે પથરી પોલીસ સ્ટેશન વિસ્તારના કટારપુર, ગુર્જર બસ્તી, ધનપુરા પદાર્થા, નસીરપુર કલાં અને ઈબ્રાહિમપુર કલાં જેવા ગામની મસ્જિદોમાં મોટા અવાજે લાઉડસ્પીકર વગાડવાની ફરિયાદ મળી રહી હતી.

# શ્રી ખોડલધામ મંદિર ખાતે આજે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ: ૭માં વર્ષમાં પ્રવેશ












કેબિનેટ મંત્રી મુળૂભાઈ બેરા તથા કુંવરજી બાવળીયાએ ખોડિયાર માતાજીના દર્શન કર્યા










તસવીર : દિલિપ ગોહેલ

## મંદિરને રોશનીનો શણગાર

મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના ૭ માં વર્ષના પ્રવેશ પ્રસંગે મંદિર પરિસરમાં રંગબેરંગી લાઈટ્સથી સુશોભન કરવામાં આવ્યું છે, અને ફરી દિવાળી આવી હોય તેવો માહોલ જોવા મળ્યો છે. મોટી સંખ્યામાં ભક્તો માં ખોડલના દર્શનાર્થે આવવાના હોય વ્યવસ્થાના ભાગરૂપે ૪૦૦૦થી વધુ સ્વયંસેવક અને ૭૦૦ થી વધુ પોલીસ સ્ટાફ ખડેપગે રહેશે અને વ્યવસ્થા જાળવશે.

રાજકોટ,

કાગવડ શ્રી ખોડલધામ મંદિર ખાતે આજે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ૬ વર્ષ પુરા થઈ ને ૭માં વર્ષમાં પ્રવેશ થયો છે. ત્યારે ખોડલધામ મંદિર ખાતે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી, રાઘવજી પટેલ, કુંવરજી બાવળીયા, મુળુભાઈ બેરા, ભાનુબેન બાબરીયા, પ્રફુલ પાનસેરિયા, રમેશ ધડુક સહિતના મંત્રી ઉપસ્થિત રહેશે અને ઝસ્ના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવશે. ૪૦થી વધુ ટ્રસ્ટીઓને ખોડલધામનો ખેસ પહેરાવીને આવકારવામાં આવ્યા. કેબિનેટ મંત્રી મુળૂભાઈ બેરા તથા કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ ખોડિયાર માતાજીના દર્શન કર્યા. આજરોજ ટ્રસ્ટમાં નવા ૪૦ જેટલાં ટ્રસ્ટીઓની નિમણૂંક થશે. ઉપરાંત આ ટ્રસ્ટીઓનું સન્માન પણ કરવામાં આવશે. ઉપરાંત મહત્વની વાત એ પણ છે કે, ખોડલધામ ટ્રસ્ટનાં પ્રથમ મહિલા ટ્રસ્ટી તરીકે ગુજરાતનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનાં પુત્રી અનારબેન પટેલ પણ જોડાઈ રહ્યા છે. જે મહિલા સશક્તિકરણનું બેનમૂન ઉદાહરણ છે. આ ઉપરાંત વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આગામી ૧૦ વર્ષ પુર્ણ થતાં આગામી સમયમાં પણ ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આજે સાતમમાં વર્ષે મંગલ પ્રવેશના દિવસે સામાજિક કાર્યક્રમ ખોડલધામ આગણમાં દર વર્ષે હોય એમજ છે. ખોડલધામ મંદિર ખાતે આજે મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળ, ધારાસભ્યો, ઉપસ્થિત રહેવાના છે. ત્યારે ખોડલધામ મંદિર ખાતે ૫ DYSP, 7 PI, 54 PSI, ૫૦૦ પોલીસ જવાનો સહિત ૭૦૦ જેટલા પોલીસ સ્ટાફનો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

# રાજકોટ મનપાએ બાકી વેરા માટે ત્રણ નળજોડાણો કાપી નાખ્યા

## કડક ઝુંબેશમાં ત્રણ પ્રોપર્ટી સીલ : ૫૪ મિલ્કતો જપ્તીથી ફફડાટ

રાજકોટ,

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત ઝુંબેશ હવે વધુ આકરી બનાવવામાં આવી રહી છે. મોટા બાકીદારોની મિલ્કત સીલ અને જપ્તીની કડક ઝુંબેશ ચાલુ છે ત્યારે મનપાએ ચાલુ વર્ષમાં પ્રથમ વખત બાકી વેરો વસુલવા નળ કનેકશન કપાત શરૂ કરતા રહેણાંક આસામીઓમાં પણ ફફડાટ મચી ગયો છે. આજે આવા ત્રણ નળ કનેકશન કાપીને વધુ ત્રણ પ્રોપર્ટી સીલ કરવામાં આવી છે.

આજે ટેકસ વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ ટેકસ રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે વોર્ડ નં.૭ના દિવાનપરા વિસ્તારમાં એક નળ કનેકશન કાપવામાં આવ્યું હતું. વોર્ડ નં.૧૬ના સિધ્ધાર્થનગર શેરી નં.૫માં એક નળ કાપતા રૂા. બે લાખની રીકવરી થઇ હતી. તો મેહુલનગરમાં પણ એક નળ જોડાણ ઉપર કાતર ફેરવી દેવામાં આવી હતી. રહેણાંક વિસ્તારમાં પણ બાકીદારો સામે હવે કડક પગલા શરૂ થયા છે.

આજે ત્રણે ઝોનમાં ત્રણ મિલ્કત સીલ, ત્રણ નળ જોડાણ કપાત અને ૫૪ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૫૦.૪૬ લાખની રીકવરી થઇ હતી. આજે વોર્ડ નં.૧ના જાસલ કોમ્પ્લેક્ષ અને અક્ષર કોમ્પ્લેક્ષમાં ત્રણ યુનિટને નોટીસ અપાતા રીકવરી થઇ હતી. વોર્ડ નં.૩ના ગાયકવાડીમાં ઠાકર મેન્સનના ૪ અને કીટીપરાના પાંચ યુનિટને નોટીસ અપાઇ છે. વોર્ડ નં.૪ના અમૃત પાર્કમાં મિલ્કતને નોટીસ અપાતા બે લાખ, વોર્ડ નં.૫ના કુવાડવા રોડ પર જપ્તી નોટીસ અપાતા ૫૦ હજાર અને વોર્ડ નં.૬ના દિનદયાળ ઈન્ડ. એરીયામાં એક યુનિટને નોટીસ આપતા ટેકસની આવક જમા થઇ હતી.

વોર્ડ નં.૭ના ઢેબર રોડ પર સરિતા શોપીંગ સેન્ટરમાં બે યુનિટને સીલ કરી ૨.૨૦ લાખની રકમ રીકવર કરાઇ હતી. નાગરીક બેંક ચોક પાસેના આનંદ બિલ્ડીંગમાં પાંચ, ઢેબર રોડના અબ્બાસી ચેમ્બરમાં ૩ અને નગીનદાસ ચેમ્બરમાં ૩ યુનિટને ટાંચ જપ્તીની નોટીસ આપવામાં આવી હતી.

વોર્ડ નં.૧૦માં આવેલ પ્રકાશ સોસાયટીમાં ૬ મિલ્કત અને એકતા ટાવરમાં બે મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ આપવામાં આવી હતી. વોર્ડ નં.૧૨ના વાવડીમાં ૩ યુનિટને જપ્તી નોટીસ અપાતા ૨.૪૦ લાખની રીકવરી થઇ હતી.

વોર્ડ નં.૧૩ના સમ્રાટ ઈન્ડ. એરીયામાં એક યુનિટ સીલ કરાતા ૨.૫૦ લાખની આવક થઇ હતી તો ગોંડલ રોડના ૪ યુનિટને નોટીસ અપાઇ છે. વોર્ડ નં.૧૫ના આજી વસાહટમાં પાંચ યુનિટને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૧.૨૪ લાખની આવક થઇ હતી. તો વોર્ડ નં.૧૮ના વિરાણી અઘાટ વિસ્તારમાં ૭ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૬.૬૦ લાખના ચેક જમા થયા હતા. આસી. કમિશ્નર સમીર ધડુક, વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ રાજીવ ગામેતી સહિતના આસી. મેનેજરો, વોર્ડ ઓફિસરો, ટેકસ ઈન્સ.ની ટીમો દ્વારા આ રીકવરી ઝુંબેશ ચાલી રહી છે.



## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં રાહત : હાશકારો



રાજકોટ સહિત સૌરાષ્ટ્રવ - કચ્છમાં આજે ઠંડીમાં રાહત થઇ છે. આજે ગિરનાર પર્વત ઉપર ૬.૪ ડિગ્રી, નલીયામાં ૧૧.૬ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૭, જામનગરમાં ૧૫.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.ઠંડીમાં રાહત થતા લોકોએ હાશકારો અનુભવ્યો છે. જૂનાગઢ ગિરનાર પર્વત પર ૬.૪ ડિગ્રી ઠંડી રહી હતી. આજની કાતિલ ઠંડીથી પર્વતીય વિસ્તા.ર ઠંડોગાર રહ્યો હતો. ગઈકાલે સોરઠમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહ્યા બાદ આજે તાપમાન ૧.૪ ડિગ્રી ઉપર રહીને ૧૧.૪ ડિગ્રી થયું હતું. આમ ઠંડીમાં આંશિક ઘટાડો યથાવત રહ્યો હતો. જૂનાગઢમાં ૧૧.૪ ડિગ્રી ઠંડીની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૪ ટકા રહેતા કાતિલ ઠારનું આક્રમણ થયું હતું. સવારના પવનની પ્રતિ કલાકની ઝડપ ૩.૫ કિમીની રહી હતી.

## રાજકોટમાં યુવાનું મોત નિપજાવી નાસી જનાર કાર ચાલક સામે ગુનો નોંધાયો

રાજકોટ,

રાજકોટ રણુંજા મંદિર પાસે રોડ ક્રોસ કરતાં કોળી યુવકને ઠોકરે ચડાવી મોત નિપજાવનાર અજાણ્યાં કાર ચાલક સામે આજીડેમ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. પ્રાપ્ત વિગત અનુસાર, ફરિયાદી અરૂણાબેન સંજયભાઇ અધોલા (ઉ.વ.૩૫) (રહે, રણુજા મંદિર સામે વેલનાથપરા શેરી નં.૯ કોઠારીયારોડ) એ આરોપી તરીકે અજાણ્યાં કારચાલકનું નામ આપ્યું હતું અને જણાવ્યું હતું કે,

તેઓ મજુરી કામ કરી પરિવારનું ગુજરાઅને ચલાવે છે અને સંતાનમા બે પુત્રો અને એક પુત્રી છે. ગઇ તા.૧૧ ના સાંજના સાત વાગ્યાની આસપાસ તે મજુરી કામે થી ઘરે આવેલ ત્યારે તેના પુત્રએ જણાવેલ કે, તેમના પિતા સંજયભાઈ અમુભાઈ અઘોલા (ઉ.વ.૩૯)નું અકસ્માત થયેલ છે અને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડેલ છે. જ્યાં જઈ તેના પતિને બનાવ અંગર પૂછતાં જણાવ્યું હતુ કે, તેઓ રણુંજા મંદિરે બેસવા જવા માટે ઘરેથી નીકળ્યા હતાં અને રોડ ક્રોસ કરતાં હતાં ત્યારે હુડકો ચોકડી તરફથી પુરપાટ ઝડપે આવતા અજાણ્યાં કારચાલકે હડફેટે લેતા ફંગોળાઈને રોડ પર પટકાયો હતો

અને બાજુમાં પડેલ પડેલ લોખંડનો સળિયો પેટમાં ઘુસી ગયો હતો.જ્યાં એકઠાં થયેલ લોકોએ ૧૦૮ મારફતે સારવારમાં ખસેડયો હતો. જ્યાં ચાલુ સારવારે ઈજાગ્રસ્ત સંજયભાઈનું ગત તા.૧૫ ના મોત નીપજ્યું હતું.બનાવની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે અજાણ્યાં કાર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી.

## રાજકોટમાં વૃદ્ધાને વિશ્વાસમાં ગઠિયા સોનાની બંગડી ઉઠાવી ગયા

રાજકોટ,

ગોંડલ રોડ મક્કમ ચોક પાસે સ્વામિનારાયણ ગુરુકુળની સામે જૈન ચાલ બ્લોક નંબર.૩૩ માં રહેતા કશ્યપભાઇ મુકુલભાઇ દોશી(જૈન વાણીયા) (ઉ.વ.૪૧) એ ફરિયાદમાં બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે.આ અંગે એ ડીવીઝન પોલીસ મથકના એ.એસ.આઇ રાજુભાઈ સોલંકીએ સીસીટીવી ફુટેઝના આધારે તપાસની તજવીજ શરૂ કરી હતી

કશ્યપભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પરીવાર સાથે રહુ છું. મારા મમ્મી તથા પપ્પા એ મને જણાવ્યું કે અહી આગળ રસોડામાં હું બપોર ના આશરે બારેક વાગ્યાની આસપાસ રસોઇ બનાવતી હતી.તે દરમ્યાન બે અજાણ્યા માણસો આવ્યા હતા અને મને જણાવેલ કે તમારી ટાઇલ્સ કે ધાતુના વાસણને સાફ કરી નવા જેવા કરી આથી મેં ના પાડતા આ એક ભાઇ એ એક ચાંદીનો ગ્લાસ અહી આગળ પડ્યો હોય જે સાફ કરીને મને બતાવેલ કે જોવો કેવો સાફ થઇ ગયો છે. લાવો હવે તમારી બંગળી પણ સાફ કરી આપુ એકદમ નવી થઇ જાશેતેમ કહી મને વિશ્વાસમાં લઇને મે મારા હાથમાં પહેરેલ સોનાની બંગળી હોય જેના ઉપર સફેદ પાઉડર લગાવી હમણા જોવો એકદમ નવી થઇ જાશે બાદ આ મે પહેરેલ બંને બંગળીઓ એક ડબ્બા માં મુકવા માટે જણાવતા આ ડબામાં મે પહેરેલ બંને બંગળીઓ રાખી દઇ ડબ્બો મારી પાસે રાખી દીધી હતી.

# રાજકોટમાં નકલી નોટો ઘુસાડવાના કારસ્તાનનો પર્દાફાશ : પાંચ પકડાયા

### આંગડીયા મારફત જાલીનોટો ધૂસાડી હતી. : તપાસનું પગેરું પૂના બાદ હૈદરાબાદ સુધી લંબાશે : પાંચેય આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર

રાજકોટ,

રાજકોટ શહેરના ડો. યાજ્ઞિક રોડ પરની એક્સીસ બેંકના ભરણામાં આવેલી રૂા. ૫૦૦ના દરની ૩૧ જાલીનોટોના મામલે પોલીસે તપાસ શરૂ કરી સીસીટીવી ફૂટેજને આધારે આગળ વધતાં આ રકમ સોની બજારની આંગડીયા પેઢીમાંથી ઉપાડી બેંકમાં ભરપાઇ કરી જનારને શોધી કાઢતાં જાલીનોટોને ચલણમાં વહેતી કરી દેવાના સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો છે.

રાજુલાના વતની અને હાલ રાજકોટ રહેતો શખ્સર ૨૦ કરોડની કોલ્ડ્રીં કની કંપનીમાં ખોટ ખાઇ ગયો હોઇ તેને નકલી ચલણી નોટોની જરૂર હોવાથી રાજુલાના જ પોતાના મિત્ર મારફત રાજકોટના સોની શખ્સતના સંપકમાં આવ્યોન હતો અને આ સોની બંધુએ જંકશન પ્લોમટમાં રહેતાં અને કાલાવડ રોડ પર પંજાબી ઢાબા ચલાવતાં ગુરપ્રીતસિંઘ નામના શખ્સો સંપર્ક કરાવતાં તેણે પુના રહેતાં પોતાના મામાના દિકરા કમલેશ પાસેથી ૪.૬૫ લાખની નકલી ૫૦૦ના દરની નોટો લાવી ભરત બોરીચાને આપી હોવાનું અને આ લેતીદેતીમાં બીજા ત્રણ પણ સામેલ હોવાનું ખુલતાં પાંચને દબોચી લેવાયા છે. છઠ્ઠા આરોપી પુનાના કમલેશને પણ સકંજામાં લઈ લેવાયો છે.

જાલીનોટોનું પગેરૂ હૈદરાબાદ સુધી પહોંચવાની શક્યેતા છે. અર્થતંત્રને નુકસાન પહોંચાડવાના આ કારસ્તા.નમાં વધુ ચોંકાવનારી વિગતો ખુલવાની વકી છે.

એ-ડિવીઝન પોલીસે આ કૌભાંડમાં ગુરપ્રિતસિંઘ ઘનશ્યા મદાસ કારવાણી (ઉ.વ.૪૭-રહે. જંકશન પ્લો ટ દેના બેંકની સામે), ભરત ઉર્ફ કિશોર મેરામભાઇ બોરીચા (ઉ.વ.૪૦-રહે. નિધી એપાર્ટમેન્ટજ સાધુ વાસવાણી રોડ, મુળ દુર્લભનગર સોસાયટી મહુવા રોડ રાજુલા), વિમલ બિપીનભાઇ થડેશ્વર (ઉ.વ.૩૯-રહે. પેન્ટાકગોન એપાર્ટમેન્ટડ સ્પીલડવેલ પાર્ટી પ્લોજટ સામે), તેના ભાઇ મયુર બિપીનભાઇ થડેશ્વર (ઉ.વ.૪૩-રહે. જંકશન પ્લેનટ-૧૩/૭) તથા ભરતના મિત્ર તેજસ ઉર્ફ ગોપાલ રાજુભાઇ જસાણી (ઉ.વ.૩૦-રહે. નિલકંઠ પાર્ક રામનગર સોસાયટી બાબરા)ની ધરપકડ કરી રૂા. ૫૦૦ના દરની ૫૧૩ જાલીનોટ કબ્જેભ કરી છે. આ પાંચેયના ચાર દિવસના રિમાન્ડબ મળતાં વધુ પુછતાછ શરૂ થઇ છે. છઠ્ઠા આરોપી કમલેશને પણ પુના પોલીસની મદદથી પકડી લેવાયો હોઇ તેને રાજકોટ લાવી વિશેષ પુછતાછ કરાશે.

આ કિસ્સાછમાં વાંકાનેર રહેતાં અને યાજ્ઞિક રોડ પરની એક્સીમસ બેંકમાં ફરજ બજાવતાં તુષારભાઇ સુરેશભાઇ રાવલે એ-ડિવિઝન પોલીસમાં ગત ૧૩/૧/૨૩ના રોજ ફરિયાદ નોંધાવી જણાવ્યુંષ હતું કે અમારી બેંકમાં ૧૩મીએ બપોરે હું મારા ટેબલ પર હાજર હતો કેશીયર આશિષભાઇ બદીયાણીએ મારી પાસે આવી વાત કરી હતી કે એક ગ્રાહક રોકડા રૂપિયા જમા કરાવવા આવેલ છે તેની નોટો ચેક કરતાં અમુક નોટો નકલીહોવાનું જણાય છે. આથી હું ત્યાંત કેશ વિભાગમાં ગયો હતો અને તપાસ કરતાં ખાતેદાર સંદિપ કાંતિલાલ આ રકમ જમા કરાવી ગયાની ખબર પડી હતી.

